dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 163 | AD - 2026, Chaitra Sud - 03 | Saturday, Dt. 21-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ઈરાન અને ઈઝરાયેલ-અમેરિકા વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને ૨૧ દિવસ પૂર્ણ


# યુધ્ધમાં ટકી રહેવા માટે પેન્ટાગોને ટ્રમ્પ સરકાર પાસે અબજો ડોલરની માંગ કરી

વોશિંગ્ટન,તા.૨૦

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભયાનક યુધ્ધે હવે નવો વળાંક લીધો છે. ઈરાન સામેના માત્ર ૨૦ દિવસના તીવ્ર સંઘર્ષ બાદ અમેરિકાની સૈન્ય આર્થિક સ્થિતિ ડામાડોળ થઈ રહી હોય તેવું જણાય છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ પાસે હવે ઈરાન સામે લાંબુ યુધ્ધ લડવા માટે પૂરતું ભંડોળ બચ્યું નથી. આ કટોકટીને પહોંચી વળવા માટે પેન્ટાગોને વ્હાઈટ હાઉસ પાસે વધારાના ૨૦૦ અબજ ડોલરની તાત્કાલિક માંગણી કરી છે અને આ ભંડોળ એકત્ર કરવા માટે એક વિશેષ ઝુંબેશ પણ શરૂ કરવામાં આવી છે. અમેરિકી સૈન્યને આ યુધ્ધમાં મોટું આર્થિક અને સાધન સામગ્રીનું નુકસાન વેઠવું પડ્યું છે, જેના કારણે સંરક્ષણ મંત્રાલય દબાણ હેઠળ છે. આ યુધ્ધની શરૂઆત ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ થઈ હતી, જ્યારે ઈઝરાયલ અને યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા ઈરાન પર સંયુક્ત હુમલા કરવામાં આવ્યા હતા. આ હુમલામાં ઈરાનના ૮૬ વર્ષીય સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીનું મૃત્યુ થયું હતું. ત્યારબાદ તેમના પુત્ર મોજતબા ખામેનીએ સત્તા સંભાળી હતી. જોકે, વર્તમાન પરિસ્થિતિમાં મોજતબા ખામેનીના સ્વાસ્થ્ય અંગે પણ અનેક અટકળો વહેતી થઈ છે. નેશનલ ઈન્ટેલિજન્સ ડિરેક્ટર તુલસી ગબાર્ડે યુએસ કોંગ્રેસને જણાવ્યું છે કે ઈઝરાયલી હુમલામાં મોજતબા ગંભીર રીતે ઘાયલ થયા હોવાની શક્યતા છે અને ઈરાનનું વર્તમાન નેતૃત્વ માળખું અત્યારે અનિશ્ચિતતાના દોરમાંથી પસાર થઈ રહ્યું છે. ઈરાની સરકારી મીડિયાએ તેમનો એક જૂનો વિડિયો જારી કરીને સ્થિતિ સામાન્ય હોવાનો દાવો કર્યો છે, પરંતુ તેની સત્યતા અંગે શંકાઓ સેવાઈ રહી છે. યુધ્ધના ૨૧મા દિવસે ઈરાને ખાડી દેશો પર હુમલા તેજ કર્યા છે. ઈઝરાયલે ઈરાનના મહત્વના 'દક્ષિણ પાર્સ' ગેસ ક્ષેત્રને નિશાન બનાવ્યા બાદ તેના જવાબમાં ઈરાને સાઉદી અરેબિયાની લાલ સમુદ્ર રિફાઈનરી, કતારની નેચરલ ગેસ સુવિધાઓ અને કુવૈતની બે તેલ રિફાઈનરીઓ પર ભયાનક હુમલા કર્યા છે. એટલું જ નહીં, ગુરુવારે રાત્રે ઈરાને દુબઈ, બહેરીન અને યુએઈ પર પણ મિસાઈલ મારો કર્યો હતો, જેમાં બહેરીનનું એક મોટું વેરહાઉસ બળીને ખાખ થઈ ગયું છે. આ હુમલાઓને કારણે વૈશ્વિક બજારમાં ખળભળાટ મચી ગયો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવ ૨૮ ફેબ્રુઆરીની સરખામણીએ ૬૦ ટકા વધીને ૧૧૮ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયા છે. બીજી તરફ, ઈઝરાયલે પહેલીવાર કેસ્પિયન સમુદ્રમાં આવેલા ઈરાની નૌકાદળના ઠેકાણાઓ પર હુમલો કરીને રશિયા તરફ જતા પુરવઠા માર્ગને જોખમમાં મૂક્યો છે. આ હુમલામાં અનેક મિસાઈલ જહાજો અને કમાન્ડ સેન્ટરો નાશ પામ્યા છે. ઈરાને પણ પુષ્ટિ કરી છે કે તેના આઈઆરજીસી પ્રવક્તા અલી મોહમ્મદ ઈઝરાયલી હુમલામાં માર્યા ગયા છે. આ ઉપરાંત ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના વડા અલી લારીજાની અને ગુપ્તચર મંત્રી ઈસ્માઈલ ખાતીબના પણ મોતના અહેવાલો છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા દ્વારા ચેતવણી આપી છે કે જો ઈરાન આક્રમકતા ચાલુ રાખશે તો અમેરિકા તેના ગેસ ક્ષેત્રોને મોટા પાયે ઉડાવી દેશે. અત્યારે સમગ્ર મધ્ય પૂર્વ સળગી રહ્યું છે અને તેની સીધી અસર વિશ્વના અર્થતંત્ર પર પડી રહી છે.




**યુદ્ધ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવ ૧૧૮ ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યા**









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા.૨૧-૦૩-૨૦૨૬

કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં સાંસદ અને ધારાસભ્યો હાજર રહ્યાં

# અમરેલી કલેક્ટર કચેરી ખાતે જિલ્લા સંકલન સમિતિની બેઠક મળી

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક સંપન્ન થઈ હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય જિલ્લાના પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવો અને જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવેલી લોક સમસ્યાઓનું સમયમર્યાદામાં નિરાકરણ લાવવાનો હતો. બેઠકમાં સાંસદ ભરતભાઈ સુતરિયા સહિત ધારાસભ્યો મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવિયા, હીરાભાઈ સોલંકી અને જે.વી. કાકડિયા જેવા વરિષ્ઠ જનપ્રતિનિધિઓએ ખાસ ઉપસ્થિત રહીને પોતપોતાના વિસ્તારના પ્રશ્નોની ધારદાર રજૂઆત કરી હતી. બેઠક દરમિયાન જનપ્રતિનિધિઓ દ્વારા અગાઉ રજૂ કરાયેલા અને પેન્ડિંગ રહેલા પ્રશ્નોની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. ખાસ કરીને ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના આંતરિક રસ્તાઓ તેમજ મુખ્ય માર્ગોને જોડતા રસ્તાઓની સ્થિતિ અંગે ગંભીર ચર્ચા થઈ હતી. આ ઉપરાંત ખેડૂતો અને સામાન્ય નાગરિકોને સ્પર્શતા મુદ્દાઓ જેવા




કે જમીન માપણીની પ્રક્રિયા, નવા વીજ જોડાણોમાં પડતી મુશ્કેલીઓ અને જંગલ કટીંગને લગતા અવરોધો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. નેશનલ હાઈવે સંલગ્ન ગામોમાં સર્વિસ રોડની માંગણી એ એક મુખ્ય મુદ્દો રહ્યો હતો, જેનાથી સ્થાનિક વાહનવ્યવહાર વધુ સુલભ બની શકે. જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે પાણી પુરવઠા, માર્ગ અને મકાન વિભાગ તેમજ નગરપાલિકા હસ્તકના કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી હતી. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે જનતાના પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ લાવવું એ વહીવટી તંત્રની પ્રાથમિકતા છે. તેમણે વિવિધ કચેરીઓના વડાઓને પરસ્પર સંકલન સાધીને કામગીરીમાં ગતિ લાવવા અને અમલવારીમાં આવતા અવરોધો દૂર કરવા નિર્દેશ આપ્યા હતા. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત અને નિવાસી અધિક કલેક્ટર દિલિપસિંહ ગોહિલ સહિત તમામ પ્રાંત અધિકારીઓ અને મામલતદારો ઉપસ્થિત રહ્યા હતા. તમામ અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી કે જનપ્રતિનિધિઓ દ્વારા સૂચવવામાં આવેલા કામોમાં બિનજરૂરી વિલંબ ન થાય અને લોકોની સુખાકારીમાં વધારો થાય તેવા પ્રયાસો કરવામાં આવે.

# પૂર્વ સાંસદની જિલ્લામાં માવઠાને લીધે ખેડૂતોને થયેલા નુકસાન અંગે પેકેજ જાહેર કરવા સરકારમાં માગણી

અમરેલી,તા.૨૦

અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડિયાએ જિલ્લામાં પડેલા કમોસમી વરસાદના લીધે ખેડૂતોને થયેલ નુકસાન અંગે સર્વે કરાવી સહાય પેકેજ જાહેર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખ્યો છે. તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં



અમરેલી જિલ્લામાં વિભિન્ન તાલુકાઓમાં ઠેક ઠેકાણે ઝડપી પવન સાથે કમોસમી વરસાદ પડેલ છે. જેના લીધે ખેડૂતોને ઘઉં, ચણા, ધાણા, જીરૂ અને ડુંગળી સહીતના રવિ પાકોને વ્યાયક પ્રમાણમાં નુકસાન થયેલ છે તેમજ બાગાયતી પાક કેરીને પણ નુકસાન પહોંચેલ છે. આથી ખેડૂતોને થયેલ નુકસાની અંગે તાત્કાલિક સર્વે થાય તે માટે જિલ્લા વહીવટી તંત્રને જરૂરી સૂચના કરવા અને ગુજરાત સરકાર તરફથી સત્વરે સહાય પેકેજ જાહેર થાય તે જરૂરી છે. આ અંગેની રજૂઆત હર્ષભાઈ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, જીતુભાઈ વાઘાણી, કૃષિ મંત્રી, રમેશભાઈ કટારા કૃષિ મંત્રી (રા.ક.), જિલ્લા કલેકટર અને જિલ્લા ખેતીવાડી અધિકારીને પણ કરી છે.

# સૌરાષ્ટ્રમાં માવઠાથી પાકને થયેલ ભારે નુકસાન અંગે ધારાસભ્ય જનક તળાવીયાની મુખ્યમંત્રી-કૃષિ મંત્રીને રજુઆત

અમરેલી,તા.૨૦

સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લા સહિતના વિસ્તારોમાં તાજેતરમાં થયેલા કમોસમી વરસાદ, તેજ પવન અને કરાને કારણે ખેતીને ભારે નુકસાન થયું છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લાઠી-બાબરાના ધારાસભ્ય જનક તળાવીયાએ રાજ્યના મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને પત્ર લખી



ખેડૂતોને તાત્કાલિક રાહત આપવા રજૂઆત કરી છે. પત્રમાં તેમણે જણાવ્યું છે કે છેલ્લા બે દિવસમાં વાતાવરણમાં આવેલા અચાનક પલટાને કારણે લાઠી અને બાબરા પંથકમાં ઘઉં, જીરું, ચણા અને બાગાયતી પાકો સંપૂર્ણપણે નાશ પામ્યા છે. કાપણી માટે તૈયાર ઉભો પાક પલળી જવાથી ખેડૂતોને પડ્યા પર પાટું જેવી સ્થિતિ સર્જાઈ છે. પવનને કારણે પાક જમીનદોસ્ત થતા તેની ગુણવત્તા બગડી છે, જેનાથી બજારમાં યોગ્ય ભાવ મળવાની શક્યતા નહિવત છે. ખેડૂતો આર્થિક સંકટ અને દેવાના બોજ તળે દબાયેલા હોવાથી, ધારાસભ્યએ નુકસાનગ્રસ્ત વિસ્તારોમાં સત્વરે સર્વે કરાવી પાક વીમાના દાવાઓનો ઝડપી નિકાલ કરવા અને ખેતી લોનની વસૂલાતમાં રાહત આપવા ભારપૂર્વક માંગણી કરી છે.

# અમરેલીમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા હિન્દુ નૂતન વર્ષની ઉજવણી

અમરેલી, તા.૨૦

અમરેલીમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા હિન્દુ પંચાંગ મુજબ નૂતન વર્ષના શુભ પ્રસંગે સરકારવાડા સ્થિત રામજી મંદિર ખાતે ભવ્ય આરતી અને શુભેચ્છાઓના આદાનપ્રદાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત કાર્યકર્તાઓએ એકબીજાને નૂતન વર્ષની મંગલકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમ દરમિયાન હિન્દુ નૂતન



વર્ષના વૈજ્ઞાનિક પાસાઓ અને આજના દિવસ એટલે કે ચૈત્ર સુદ એકમના અનન્ય ધાર્મિક મહત્ત્વ વિશે વિશેષ માહિતી આપવામાં આવી હતી. આ મંગલમય અવસરે વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા મંત્રી ઈતેશભાઈ મહેતા, વિભાગ વિશેષ સંપર્ક પ્રમુખ રશ્મિનભાઈ ત્રિવેદી, બજરંગ દળના જિલ્લા સંયોજક વિદુરભાઈ ડાબસરા અને જિલ્લા સહ સંયોજક કરણભાઈ વાજા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નગર અધ્યક્ષ ભાવેશભાઈ કાબરીયા, નગર મંત્રી પંકજભાઈ કાનાણી, નગર ઉપાધ્યક્ષ મહેશભાઈ જળુ અને બજરંગ દળ સંયોજક મહાવીરભાઈ વિંછીયાએ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. આ કાર્યક્રમમાં પૂર્વ નગર અધ્યક્ષ પ્રતાપસિંહ રાઠોડ, દિલીપસિંહ પરમાર, જીતુભાઈ બથવાર, ચંદ્રેશભાઈ ઝિંઝુવાડીયા, સંજયભાઈ પંડ્યા, આર્યન ભાઈ માધડ, માતૃશક્તિના છાયાબેન ગેડિયા તેમજ મંદિરના વ્યવસ્થાપક ભરતભાઈ પૂજારી સહિતના આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તમામ ઉપસ્થિતોએ સાથે મળીને ભગવાનની આરતી કરી નવા વર્ષની હર્ષોલ્લાસ સાથે શરૂઆત કરી હતી.

# કમોસમી વરસાદના કારણે થયેલ પાક નુકસાનીનું વળતર આપવા માગણી

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લા પંચાયતની જાહેર આરોગ્ય સમિતિના પૂર્વ ચેરમેન અશ્વિનભાઈ બી. કુંજડીયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને કમોસમી વરસાદના કારણે થયેલ પાક નુકસાનીનું વળતર આપવા માગણી કરી છે. તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર અમરેલી જિલ્લામાં તા.૧૯/૦૩/૨૦૨૬ ના રોજ પડેલ ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે ખેડુતોના ખેતરમાં ઉભા પાક જેવાકે ઘઉં, ચણા, તલ, તુવેર,જીરૂ,ધાણા વિગેરે પાકોનો સંપુર્ણ નાશ થયેલ છે.

જેથી જગતના તાત એવા ખેડુતોને ભારે નુકશાની થયેલ છે. ધારી વિસ્તાર ઉપરાંત સમગ્ર અમરેલી જીલ્લાના બગાયતી પાકો જેવાકે આંબા, સીતાફળ, જામફળ વિગેરે ને પણ ભારે નુકશાની થયેલ છે. જેથી આ અંગે તાત્કાલીક સર્વે કરાવી ખેડુતોને યોગ્ય વળતર ચુકવવા માગણી છે. આ અંગેની રજૂઆત જીતુભાઇ વાઘાણી, કૃષિ મંત્રી, કૌશિકભાઇ વેકરીયા ઊર્જા મંત્રી, ભરતભાઇ સુતરીયા સાંસદ-અમરેલીને પણ કરી છે.

# ગોઢાવદર અને જૂના બાદનપુર ગામે જળસંચય અંગે બેઠકો મળી

લીલીયા,તા.૨૦

લીલીયા તાલુકાના ગોઢાવદર અને કુકાવાવ તાલુકાનું જૂના બાદનપુર ગામે જળસંચય માટે તાજેતરમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા એક ભવ્ય જળસંચય જાગૃતિ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનોને જળશક્તિનું મહત્વ સમજાવવા અને આગામી સમયમાં પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે પાયાની ચર્ચાઓ કરવામાં આવી



હતી. આ બેઠકમાં ગોઢાવદર ગામના સરપંચ વિપુલભાઈ ગજેરા, પ્રફુલભાઈ સેંજલીયા, અમેરિકા સ્થિત વિરજીભાઈ પાઘડાર, ભરતભાઈ લારોલા, સુરેશભાઈ ગજેરા, વિજયભાઈ ગજેરા, કરમશીભાઈ ભુવા, જયંતિભાઈ હીરપરા, રાજુભાઈ ગજેરા તેમજ નાના બાદનપુર ગામના સરપંચ અશોકભાઈ પાનસુરીયા, જૂના બાદનપુરના સરપંચ પ્રિતેશભાઈ પાનસુરીયા, રમેશભાઈ ધાનાણી, અતુલભાઈ પાનસુરીયા, ફૂલજર ગામના પ્રકૃતિ પ્રેમી રસિકભાઈ કોલડિયા, જયંતિભાઈ ગજેરા, સિધાર્થભાઈ વગેરે હાજર રહ્યા હતા. ટ્રસ્ટના જમનભાઈ ડેકોરા, પ્રતાપભાઈ પટેલ, પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ,રમેશભાઈ ઠક્કર, વિરાભાઈ હુંબલ , કૌશિકભાઈ સરધારા, જેન્તીભાઈ વગેરે લોકો જહેમત ઉઠાવી રહ્યા છે.

# જાફરાબાદના ટીંબીના ખેડુતે ખેતપેદાશોના ભાવ વધુ ન મળતા ખેતરમાં ગાંજો વાવવાની મંજૂરી માગી

જાફરાબાદ,તા.૨૦

જાફરાબાદના ટીંબીના ખેડુત ઘનશ્યામભાઈ ભાલાળાએ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને પત્ર લખીને ખેતપેદાશોના ભાવ વધુ ન મળતા હોવાથી ખેતરમાં ગાંજો વાવવાની મંજૂરી માગી છે. આ અંગે તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તેઓ ખેતરમાં ઘઉં, કપાસ, સોયાબીન, તલ, ડુંગળી વગેરેની ખેતી કરે છે. પરંતુ ખેતીમાં છેલ્લા ૧૦-૧૨ વર્ષમાં ખાતર, બિયારણ, જંતુનાશક દવા, ખેત ઓજારો વગેરેના ભાવમાં બેથી ત્રણ ગણો વધારો થયો છે અને ખેડૂતોને ખેતપેદાશોના ભાવ ખૂબ જ ઓછા મળે છે. આ પરિસ્થિતિમાં ખેતીનો ધંધો મજબૂરીથી કરે છે અને ન છૂટકે ખેતીવાડી છોડી બહાર હિજરત કરવી પડે તેમ છે. લોકો પેદાશોના ભાવ ન મળવાથી ખેતી છોડવા તૈયાર છીએ. જો, ગુજરાત સરકાર દ્વારા દારુ વેચવા માટે પરમીટ અપાય છે, અમુક લોકોને રિવોલ્વરની પરમીટ મળે છે તો અમને પણ અમારા ખેતરમાં સરકાર દ્વારા ગાંજો વાવવાની પરમીટ આપે તેવી માગણી છે. તેમણે આ અંગે સરકારના નિયમોનું પાલન કરવાની ખાતરી આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જો સરકાર આ અંગે કોઈ નિર્ણય નહીં લેતો અનેક ખેડૂતો ખેતી છોડવા તૈયાર છે અને આવતી પેઢી કોઈ પણ ખેતીનો ધંધો નહીં કરે. આ પત્રની નકલ મુખ્યમંત્રી, કલેકટર, ખેતીવાડી અધિકારી, વિસ્તરણ અધિકારી-જાફરાબાદને મોકલી છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ા || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# માવઠાને કારણે ખેતીપાકમાં નુકસાન જતા રાજુ કરપડાનું અમરેલી કલેકટરને આવેદન



અમરેલી,તા.૨૦

માર્ચ ૨૦૨૬ના મધ્યમાં ગુજરાતના વાતાવરણમાં આવેલા અચાનક પલટાએ ખેડૂતોની કમર તોડી નાખી છે. ૧૮ અને ૧૯ માર્ચ દરમિયાન પડેલા કમોસમી વરસાદ અને ફૂંકાયેલા ભારે પવનને કારણે અમરેલી, સુરત, ગીર સોમનાથ, બોટાદ અને જામનગર સહિતના અનેક જિલ્લાઓમાં શિયાળુ તથા બાગાયતી પાકને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. આ ગંભીર પરિસ્થિતિને જોતા ખેડૂત નેતા રાજુ કરપડાએ અન્ય આગેવાનો સાથે મળીને અમરેલી કલેક્ટર મારફતે રાજ્યના મુખ્યમંત્રીને એક વિગતવાર આવેદનપત્ર પાઠવ્યું છે. તેમણે રજૂઆત કરી છે કે તૈયાર થયેલો પાક બગડી જવાથી ખેડૂતો આર્થિક પાયમાલી તરફ ધકેલાયા છે. ખાસ કરીને સુરેન્દ્રનગર, રાજકોટ અને જૂનાગઢ જેવા વિસ્તારોમાં પાક સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે. રાજુ કરપડાએ સરકાર પાસે માંગ કરી છે કે અસરગ્રસ્ત વિસ્તારોમાં વિલંબ કર્યા વગર તાત્કાલિક સર્વેની કામગીરી શરૂ કરવામાં આવે. ખેડૂતોના હિતમાં વહેલી તકે યોગ્ય વળતરની જાહેરાત કરીને તેમને આ કુદરતી આફતમાંથી ઉગારવા માટે સરકારે ત્વરિત અને સકારાત્મક પગલાં ભરવા અત્યંત અનિવાર્ય છે.

# સ્વામી નિર્દોષાનંદજી મહારાજને મરણોત્તર 'પદ્મ વિભૂષણ' આપવા મહેશ કસવાળાની રજૂઆત



સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સનાતન ધર્મના મૂલ્યોનું પાલન કરનાર પરમ પૂજ્ય સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજને મરણોત્તર 'પદ્મ વિભૂષણ' એવોર્ડથી સન્માનિત કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ભાવભરી રજૂઆત કરી છે. સ્વામીશ્રીની પ્રેરણા અને અસીમ કરુણાથી અમરેલી જિલ્લાના ટીંબી ગામે છેલ્લા ૧૪ વર્ષથી એક અદભૂત આરોગ્ય મંદિર કાર્યરત છે. આ હોસ્પિટલમાં કોઈપણ જ્ઞાતિ કે જાતિના ભેદભાવ વિના ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને સંપૂર્ણપણે નિઃશુલ્ક સારવાર આપવામાં આવે છે. એટલું જ નહીં, દર્દીના સગાઓને પણ તમામ સુવિધાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે. દાતાઓના ઉદાર ફાળા અને ટ્રસ્ટી મંડળના કુશળ વહીવટને કારણે આ સંસ્થા એક પણ રૂપિયો લીધા વિના સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહી છે. ભૂતકાળમાં પણ રાષ્ટ્રહિત અને સમાજસેવામાં અગ્રેસર રહેલા મહાન સંતોને પદ્મ પુરસ્કારોથી નવાજવામાં આવ્યા છે, ત્યારે સ્વામી નિર્દોષાનંદજીના માનવતાવાદી કાર્યોની કદર રૂપે તેમને આ સર્વોચ્ચ સન્માન મળે તેવી લોકલાગણી પ્રબળ બની છે.

# અમરેલી-વડોદરા રૂટમાં નવી બસ ફાળવવામાં આવતા આનંદ




અમરેલી,તા.૨૦

રાજય સરકાર દ્વારા અમરેલી ડેપોને નવી બસ ફાળવવામાં આવતા હવે અમરેલી-વડોદરા વચ્ચે નવી ગુર્જરનગરી બસ દોડશે. આ બસને ધારાસભ્ય જનક તળાવીયાએ લાઠી ખાતે લીલી ઝંડી આપી હતી. આ બસ શરૂ થવાથી મુસાફરોને વધુ સારી સુવિધા મળશે. નવી બસ ફાળવવા બદલ લાઠી શહેર ભાજપ પ્રમુખ ધર્મેશ સોનીએ રાજય સરકારનો આભાર માન્યો હતો. ધર્મેશ સોનીએ વધુમાં જણાવ્યું હતું કે, આ બસથી લાઠી પંથકના મુસાફરોને વડોદરા જવા માટે વધુ આરામદાયક મુસાફરી કરી શકશે. રાજય સરકાર દ્વારા હંમેશા મુસાફરોના હિતમાં નિર્ણય લેતા હોવાથી ફરી એકવાર રાજય સરકારનો આભાર માનવામાં આવ્યો હતો.

# જનક તળાવીયાના હસ્તે ઈંગોરાળામાં વન્ય પ્રાણીના હુમલાનો ભોગ બનેલી કિશોરીને સહાય



અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ઈંગોરાળા ગામે ગત ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ વાડી વિસ્તારમાં બનેલી એક કરુણ ઘટનામાં વન્ય પ્રાણીના હુમલામાં ૧૫ વર્ષીય કિશોરી રુકીના ભુરીયા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. આ દુખદ ઘટના બાદ રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા વળતરની પ્રક્રિયા અત્યંત ઝડપથી હાથ ધરવામાં આવી હતી. જેના ફળસ્વરૂપે ગઈકાલે ૧૯ માર્ચના રોજ વન વિભાગ દ્વારા મંજૂર કરાયેલી રૂ.૨ લાખની આર્થિક સહાયનો ડિમાન્ડ ડ્રાફ્ટ સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ્ હસ્તે પીડિત કિશોરીના પરિવારને અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સામાજિક વનીકરણ વિભાગ અમરેલીના અધિકારીઓ અને લાઠી રેન્જના કર્મચારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ગામના સરપંચ, અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનોએ હાજર રહી સરકારની ત્વરિત કામગીરીને બિરદાવી હતી અને અસરગ્રસ્ત પરિવારને સાંત્વના પાઠવી હતી.

# લાઠીના દુધાળા ખાતે હર્ષ સંઘવીના હસ્તે ૧૦૦ સરોવરનું લોકાર્પણ કરાશે

**૧૪ દેશના એમ્બેસેડર અને હાઈ કમિશ્નર ઉપસ્થિત રહેશે**

અમરેલી,તા.૨૦

લાઠી તાલુકાના દુધાળા સ્થિત 'હેતની હવેલી' ખાતે આગામી ૨૨ માર્ચના રોજ 'વિશ્વ જળ દિવસ' નિમિત્તે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા અને ધોળકિયા ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ ગાગડીયો નદી પર નિર્મિત ભવ્ય CIBJO-૧૦૦ સરોવરનું લોકાર્પણ રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે કરવામાં આવશે. આ ગૌરવશાળી પ્રસંગે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય જનકભાઈ તળાવિયા સહિત ૧૪ વિવિધ દેશોના એમ્બેસેડર અને હાઈ કમિશનર ખાસ ઉપસ્થિત રહીને જળ સંરક્ષણના આ ભગીરથ કાર્યને બિરદાવશે. હાલ આ મહોત્સવને સફળ બનાવવા માટે યુધ્ધના ધોરણે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

# બગસરા ડેપોને બે નવી બસ મળી, ધારાસભ્યએ લીલીઝંડી આપી



તસવીર : મયૂર પંડ્યા

બગસરા એસ.ટી.ડેપોને બે નવી બસ મળી છે. ધારાસભ્ય જે.વી.કાકડીયા દ્વારા બસને લીલીઝંડી આપવામાં આવી હતી. બે નવી ગર્જરનગરી બસ ફાળવવામાં આવતા આ બસ બગસરા-દાહોદ વચ્ચે દોડશે. નવી બસ આવતા જ મુસાફરોની સુવિધામાં વધારો થશે. આ તકે ભાજપ આગેવાનો અને ડેપો મેનેજર નિમિષા ગઢવી હાજર રહ્યાં હતા

# બગસરામાં આંગણવાડી વર્કર બહેનોએ સરકાર સામે ડમરુ વગાડી વિરોધ કર્યો



તસવીર : હાર્દિકા બામટા

બગસરા,તા.૨૦

બગસરામાં આંગણવાડીની બહેનોએ સી ડી પી ઓને આવેદન આપ્યા બાદ આજે ત્રીજા દિવસે પણ ડમરુ વગાડી અને રાસ ગરબા લઈ વિરોધ વ્યક્ત કર્યો હતો. ત્રણ દિવસ માટે માસ લિવ પર ઉતરીને વિરોધ વ્યકત કરેલ હતો, આજે વિરોધ કર્યા ને ત્રીજા દિવસે પણ વિરોધ યથાવત રાખ્યો હતો. તેમ છતાં સરકારએ કોઈ પણ પ્રકારની મચક આપી ના હતી. આંગણવાડી વર્કરોએ પોતાની માંગણી રજૂ કરેલ હોવા છતાં ગુજરાત સરકાર દ્વારા આ પ્રશ્નોનું નિરાકરણ માટે કોઈ પણ પ્રકારની બેઠક યોજેલ નથી. જે અંગે આજે ત્રીજા દિવસે પણ બગસરા પંથકની આંગણવાડી મહિલાઓએ વિરોધ વ્યકત કર્યો હતો. તેમની માગણી છે કે, સરકારે જે મોબાઈલ ફોન આપેલ છે તેમાં ડેટા એન્ટ્રી થતી નથી તો નવા મોબાઈલ આપવા, ફિક્સ પગારમાંથી કાયમી પગાર ધોરણ આપવું અને સરકાર દ્વારા આંગણવાડીને છેલ્લા ત્રણ માસથી બિલો ચૂકવેલ નથી તે બિલો ચૂકવવા.

# લીલીયાના બવાડી પ્રા.શાળાના શિક્ષકે રાજ્યકક્ષાના ઈનોવેશન ફેસ્ટિવલમાં પોતાની પ્રતિભા બતાવી



લીલીયા,તા.૨૦

ખેડા જિલ્લાના નડિયાદ સ્થિત યોગી ફાર્મમાં તારીખ ૧૬, ૧૭ અને ૧૮ માર્ચ દરમિયાન રાજ્યકક્ષાના ઈનોવેશન ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રતિષ્ઠિત ફેસ્ટિવલમાં અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાની બવાડી પ્રાથમિક શાળાના ગણિત-વિજ્ઞાનના શિક્ષક વરુણ કુમાર અતુલભાઈ દવે દ્વારા 'સપ્તધારા સપ્ત કૌશલ્ય સંગમ' ઈનોવેશનની જોરદાર રજૂઆત કરવામાં આવી હતી.

આ ઈનોવેશનની વિશેષ નોંધ લેતા GCERT ના સચિવ એસ. જે. ડુમરાળિયા વ્યક્તિગત રીતે સ્ટોલની મુલાકાતે આવ્યા હતા. તેઓ શિક્ષક વરુણ કુમાર દવે દ્વારા કરવામાં આવેલી પ્રસ્તુતિ અને તેમના ઈનોવેશનથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. રાજ્યકક્ષાના આ મંચ પર ગ્રામ્ય વિસ્તારના શિક્ષકની આ સિદ્ધિની બહોળી પ્રશંસા કરવામાં આવી છે.


GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો



ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



સંકુલ ધો. ૧૧-૧૨ પ્રવેશ
આર્ટસ કોમર્સ સાયંસ
ગુજરાતી - ઈંગ્લીશ મિડીયમ
સવાર બપોર શીફ્ટ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad227





BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



હવે અમરેલી શહેરમાં...
Gyanmanjari Innovative University
દિવ્યમ્ દદામિ તે ચક્ષુઃ GMIU
જ્ઞાનમંજરી ઈનોવેટીવ યુનિવર્સીટી, ભાવનગર દ્વારા કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર
DIPLOMA | B.TECH | M.TECH | B.SC | M.SC | BCA | MCA | BBA | MBA | B.COM | M.COM | BA | MA | DESING | PH.D
ADDMISION OPEN NOW IN AMRELI
www.gmiu.edu.in
70438 19956 | 99251 11132 | 75 74 949494


## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૭૪/૨૦૨૬

અરજદાર : શ્રી દાહાભાઈ બાવભાઈ જાદવ
સરનામુ : મું.નાગેશ્રી તા.જાફરાબાદ જિ.અમરેલી મો. ૭૩૫૯૮ ૩૦૮૬૧

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - નાગેશ્રી
મું.નાગેશ્રી તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના નાગેશ્રી** ગામના **શ્રી દાહાભાઈ બાવભાઈ જાદવ** એ તેમના **પુત્ર નામે પુંજાભાઈ દાહાભાઈ જાદવ નો જન્મ** તા.૧૧/૦૭/૧૯૮૩ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૧૩ માર્ચ સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૩/૦૩/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૭૭/૨૦૨૬

અરજદાર : શ્રી બાંભણીયા જીલુભાઈ ભાયાભાઈ
સરનામુ : મું.રોહીસા તા.જાફરાબાદ જિ.અમરેલી મો.

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - રોહીસા
મું.રોહીસા તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના રોહીસા** ગામના **શ્રી બાંભણીયા જીલુભાઈ ભાયાભાઈ** એ તેમના **પિતા નામે બાંભણીયા ભાયાભાઈ કરશનભાઈ નું મરણ** તા.૧૨/૦૯/૧૯૯૨ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૧૩ માર્ચ સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૩/૦૩/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૭૬/૨૦૨૬

અરજદાર : શ્રી મકવાણા ભાણાભાઈ માધાભાઈ
સરનામુ : મું.વડલી તા.જાફરાબાદ જિ.અમરેલી મો.

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વડલી
મું.વડલી તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વડલી** ગામના **શ્રી મકવાણા ભાણાભાઈ માધાભાઈ** એ તેમના **પિતા નામે મકવાણા માધાભાઈ કાનાભાઈ નું મરણ** તા.૧૯/૧૨/૧૯૯૫ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એચ.ડી.માંડલીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૧૩ માર્ચ સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૩/૦૩/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ


શું તમને સાંભળવાની તકલીફ છે ?



ફ્રી બહેરાશની તપાસ સલાહ, માર્ગદર્શન
તા. ૧૫ થી ૩૧ માર્ચ સુધી
• નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
• જર્મની, ડેન્માર્ક ના આધુનિક મશીન વ્યાજબી કિંમતમાં
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાયમી સરનામું
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

# અમરેલી જિલ્લામાં માવઠાથી નુકસાનગ્રસ્ત ખેડૂતોને સહાય આપવા રજૂઆત

**પ્રા.જે.એમ. તળાવીયાએ કૃષિમંત્રી, સાંસદ સહિતનાઓને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા.૨૦



અમરેલી જિલ્લામાં પવન સાથે ત્રાટકેલા કમોસમી વરસાદે ખેડૂતોની કમર તોડી નાખી છે. શિયાળુ પાક જેવા કે ઘઉં, ચણા, ધાણા અને ડુંગળીમાં વ્યાપક નુકશાન થતા જગતનો તાત ચિંતાતુર બન્યો છે. વધુમાં કેરી અને ચીકુ જેવા ફળફળાદીના પાકને પણ ભારે નુકશાન પહોંચ્યું છે. માર્કેટિંગ યાર્ડમાં રહેલો ખુલ્લો જથ્થો પલળી જવાથી પાયમાલ થયેલા ખેડૂતોની વહારે આવવા ભાજપ અગ્રણી પ્રાધ્યાપક જે.એમ. તળાવિયાએ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી સહિતના નેતાઓને પત્ર લખી રજૂઆત કરી છે. તેમણે રાજ્ય સરકાર પાસે નુકશાનીનો તાત્કાલિક સર્વે કરાવી પાક વીમો અને સહાય મંજૂર કરવાની માંગ કરી છે જેથી ખેડૂતોને આ આર્થિક સંકટમાંથી ઉગારી શકાય.

# મોટા આંકડીયાની પરિણીતાને બાયડમાં પતિએ જાનથી મારી નાખવાની ધમકી આપી

અમરેલી, તા.૨૦

અમરેલીના મોટા આંકડીયા ગામે રહેતી એક પરિણીતાના લગ્ન અરવલ્લીના બાયડમાં રહેતા યુવક સાથે થયા હતા.

લગ્નના થોડા દિવસ સુધી બધું બરાબર ચાલ્યા બાદ અસલી રંગ બતાવવાનો શરૂ કર્યો હતો. પતિએ તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ સાસુ-સસરા, દિયર, માસીજી-માસાજી મામાજી પતિને ચડામણી કરતા હતા. જેથી પતિ તેના પર અત્યાચાર ગુજારતો હતો. આ અંગે હાલ મોટા આંકડીયા ગામે રહેતી ક્રિષ્નાબેન રેનીશભાઈ ગોહિલ (ઉવ.૨૯)એ પતિ રેનીશભાઈ પ્રકાશભાઈ ગોહિલ,સાસુ નેહાબેન પ્રકાશભાઈ ગોહિલ, સસરા પ્રકાશભાઈ ઘનશ્યામભાઈ ગોહિલ, દિયર આર્યનભાઈ પ્રકાશભાઈ ગોહિલ, માસીજી દિપાલીબેન રાજેશભાઈ જેઠવા, માસાજી રાજેશભાઈ પ્રદ્યુમનભાઈ જેઠવા તથા મામાજી ચિરાગભાઈ કનુભાઈ ગોહિલ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના લગ્નની તા.૦૭/૧૨/૨૪ થી તા.૦૮/૦૬/૨૫ દરમ્યાન બાયડ મુકામે તેમના સાસુ-સસરા, દિયર, માસીજી-માસાજી મામાજી એ તેના પતિને ચડામણી કરી હતી. આરોપી શંકા કુશંકા કરી તેમને અવાર નવાર ઘરકામ બાબતે મેણાટોણા મારી શારિરીક માનસીક દુઃખ ત્રાસ આપતા હતા. પતિએ તેને ગાળો આપી ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# રાજુલામાં બ્લડ સ્ટોરેજ માટે આજે આધુનિક સાધનો ભેટ અપાશે

રાજુલા,તા.૨૦

રાજુલા અને તેની આસપાસના વિસ્તારના નાગરિકોને કટોકટીના સમયે લોહીની જરૂરિયાત સરળતાથી મળી રહે તેવા ઉમદા હેતુથી ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા એક વિશિષ્ટ સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું છે. તેમના વ્યક્તિગત પ્રયત્નો થકી રાજુલા સરકારી જનરલ હોસ્પિટલ ખાતે બ્લડ સ્ટોરેજ માટે અંદાજે અઢી લાખ રૂપિયાની કિંમતનું ખાસ ફ્રિજ તેમજ અન્ય આધુનિક સાધનો ભેટ આપવામાં આવનાર છે. આ મહત્વપૂર્ણ સુવિધાના લોકાર્પણ પ્રસંગે સીતારામ હેલ્થ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આજે શનિવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રાજુલા જનરલ હોસ્પિટલ ખાતે યોજાનારા આ પાવન પ્રસંગે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેશે. આ સેવાકીય કાર્યમાં સહભાગી થવા અને ઉત્સાહ વધારવા માટે તમામ નગરજનોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સિન્ટેક્ષ યાર્ન લીમીટેડના જનરલ મેનેજર સાથે રૂ.૧.૨૨ કરોડની ઓનલાઈન ઠગાઈ

જાફરાબાદ, તા.૨૦

સોશિયલ મીડિયા પર શેરબજારમાં રોકાણના નામે ચાલતા ઠગાઈના નેટવર્કનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ફેસબુક પર '5Paisa' જેવી જાણીતી કંપનીના નામે નકલી જાહેરાત મૂકીને ભેજાબાજોએ જાફરાબાદના લુણસાપુરમાં સિન્ટેક્ષ યાર્ન લીમીટેડના જનરલ મેનેજર પાસેથી કુલ રૂ.૧,૨૨,૮૫,૦૦૦ પડાવી લીધા હતા. આ અંગે મૂળ હરિયાણાના અને જાફરાબાદ સીન્ટેક્ષ કોલોની સ્ટાફ કોલોનીમાં રહેતા વિકાસ શ્રીરામસ્વરૂપ યાદવ (ઉ.વ.૪૪) એ અજાણ્યા મોબાઈલ નંબરવાળા વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીઓએ ફેસબુક પર '5Paisa stock research (BUY/HOLD/SELL)' નામની એક આકર્ષક પણ બનાવટી પોસ્ટ મૂકી હતી. ફરિયાદીએ આ જાહેરાત જોઈ સંપર્ક કરતા 'શાલીની કુલકર્ણી' નામના આઈડી પરથી વોટ્સએપ ગ્રુપની લિંક મોકલવામાં આવી હતી. ત્યારબાદ ફરિયાદીને એક વોટ્સએપ ગ્રુપમાં એડ કરવામાં આવ્યા હતા. આરોપીઓએ તેમને શેરબજારમાં મોટો નફો થશે તેવી લોભામણી વાતો કરી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ '5PCLPMTAMAX' નામની એક શંકાસ્પદ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. આ એપ્લિકેશનમાં તેમને વર્ચ્યુઅલ પ્રોફિટ બતાવીને વધુ રોકાણ કરવા લલચાવ્યા હતા. તેમને વધુ ભરોસો અપાવવા માટે આરોપીઓએ '5paisa કસ્ટમર કેર'ના કર્મચારી હોવાની ખોટી ઓળખ આપી જુદા જુદા ૪ મોબાઈલ નંબરો પરથી વાતચીત કરી હતી. તેમની પાસે અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ રૂ.૧.૨૨ કરોડથી વધુ રકમ ટ્રાન્સફર કરાવી લીધી હતી. જ્યારે તેમણે એપ્લિકેશનમાં દેખાતો નફો ઉપાડવા માંગણી કરી, ત્યારે આરોપીઓએ વધુ રૂ.૫૦ લાખ ફી તરીકે માંગ્યા હતા અને ધમકી આપી હતી કે જો આ રકમ નહીં ભરો તો જૂના પૈસા પણ પાછા મળશે નહીં. પોતે છેતરાયા હોવાનું માલૂમ પડતા તેમણે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના પી આઈ જે.આર.ભાચકન વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

લીલીયા, તા.૨૦



આગામી રમજાન ઈદ અને રામનવમીના તહેવારોને અનુલક્ષીને લીલીયા મોટા પોલીસ સ્ટેશનમાં પી.આઈ. એમ.ડી. સાળુંકે અને પી.એસ.આઈ. વાય.એમ. જાડેજાની ઉપસ્થિતિમાં શાંતિ સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો તેમજ વિવિધ રાજકીય પક્ષોના હોદ્દેદારો હાજર રહ્યા હતા. પી.આઈ. સાળુંકેએ સૌને અફવાઓથી દૂર રહી, પરસ્પર સહકાર સાથે શાંતિપૂર્ણ માહોલમાં તહેવારોની ઉજવણી કરવા અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે પોલીસને જાણ કરવા અનુરોધ કર્યો હતો.

**ગામમાં રાનીપશુઓના આંટાફેરાથી ગ્રામજનોમાં ભયનો માહોલ**

# ધારીના દેવળા ગામે સિંહોના ટોળાએ ૧૧ પશુઓને મારી નાખ્યા

અમરેલી,તા.૨૦



ધારી તાલુકામાં આવેલા દેવળા ગામે વનરાજોના ધાડાએ ભારે આતંક મચાવ્યો છે. ગત રાત્રિએ અંદાજે અઢારથી વધુ સિંહોના એક વિશાળ ઝૂંડે રહેણાંક વિસ્તાર નજીક ધસી આવી માલધારીના પશુઓ પર હિંસક હુમલો કર્યો હતો. આ કરૂણ ઘટનામાં કુલ ૧૧ જેટલા નિર્દોષ પશુઓના કમકમાટી ભર્યા મોત નિપજ્યા છે. સિંહોના આ આક્રમક હુમલાને કારણે ગરીબ માલધારી પરિવારને વ્યાપક આર્થિક નુકસાની વેઠવાનો વારો આવ્યો છે.

ગામમાં અવારનવાર સિંહો દ્વારા કરવામાં આવતા પશુઓના મારણને લીધે સ્થાનિક ગ્રામજનોમાં અત્યારે ભારે ફફડાટ અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. ગ્રામવાસીઓએ આ ગંભીર બાબતે વન વિભાગને ત્વરિત જાણ કરી છે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે કડક સુરક્ષા પગલાં લેવાની ઉગ્ર માંગ કરી છે.

**પશુઓના મારણ થતા માલધારીને આર્થિક નુકસાન**

# ધારી તાલુકાના મીઠાપુર ગામના ખેડૂતો પાયમાલ, આંબા પરથી કેરીઓ ખરી પડી

અમરેલી,તા.૨૦



ધારી ગીર પંથકમાં અચાનક બદલાયેલા વાતાવરણ અને મીની વાવાઝોડા સાથે આવેલા કમોસમી વરસાદે ખેડૂતોના મોઢામાં આવેલો કોળિયો છીનવી લીધો છે. ચલાલા પાસેના મીઠાપુર સહિતના ગામમાં ખેડૂતના આંબાવાડિયામાં તૈયાર થયેલો પાક સંપૂર્ણપણે નાશ પામ્યો છે. પવનના સુસવાટા અને વરસાદના કારણે આંબા પર આવેલા મોર અને નાની કેરીઓ ખરી પડતા ખેડૂતને લાખો રૂપિયાનું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. હાલ સમગ્ર ગીર પંથકમાં ચિંતાનો માહોલ છે, કારણ કે આ વર્ષે કેસર કેરીનું ઉત્પાદન ઘટવાની પૂરી શક્યતા દેખાઈ રહી છે. કુદરતી આફતના કારણે ખેડૂતો લાચાર બન્યા છે અને તેમની આખાય વર્ષની મહેનત પર પાણી ફરી વળ્યું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ત્રીજ
તા.૨૧-૦૩-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૬:૪૬,
સૂર્યાસ્ત-૦૬:૪૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અશ્વિની

## દૈનિક રાશિફળ

તા.૨૧-૦૩-૨૦૨૬ શનિવાર

મેષ: આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. પાચનશક્તિ ધીમી થઈ શકે છે અને આંખોમાં મુશ્કેલી આવી શકે છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે.

મિથુન: આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે.

કર્ક: આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે.

સિંહ:તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે.

કન્યા: આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો.

તુલા: આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો.

વૃશ્ચિક: આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે.

ધન: આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે.


મકર: આજે અચાનક શરીરના દુઃખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે.

કુંભ: આજે તમે તમારા હરીફો માટે માથાનો દુઃખાવો સમાન રહેશો. દાંપત્ય જીવનમાં ખુશાલીની સ્થિતિ રહેશે.

મીન: આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે.

# અમરેલી જિલ્લામાં કુદરતી આફતથી થયેલ નુકસાન અંગે અશ્વિન સાવલીયાની રજૂઆત

અમરેલી,તા.૨૦



અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ (અમર ડેરી) ના ચેરમેન અશ્વિન સાવલીયા દ્વારા તારીખ ૨૦ માર્ચ ૨૦૨૬ ના રોજ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને એક પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે. ગત ૧૯ માર્ચ ૨૦૨૬ ના રોજ અમરેલી જિલ્લામાં ફૂંકાયેલા અતિ ભયંકર પવન અને કમોસમી વરસાદને કારણે ખેતી અને પશુપાલન ક્ષેત્રે વ્યાપક પાયે પાયમાલી સર્જાઈ છે. અગાઉ દિવાળી સમયે થયેલા વરસાદ બાદ ખેડૂતોએ માંડ નવો ઘાસચારો તૈયાર કર્યો હતો, જે ફરીથી નાશ પામ્યો છે. આ ઉપરાંત ખેતરોમાં ઉભેલા ઘઉં અને ચણાના પાક તેમજ ડુંગળી પકવતા ખેડૂતોને પણ ભારે આર્થિક ફટકો પડ્યો છે. પશુપાલકો માટે ઘાસચારાની તાત્કાલિક વ્યવસ્થા કરવા અને અસરગ્રસ્ત વિસ્તારોમાં સત્વરે સર્વે કરાવી યોગ્ય વળતર ચૂકવવા અંતમાં અશ્વિન સાવલીયાએ માંગ કરી છે.

**પશુપાલકો અને ખેડૂતોને વળતર આપવા મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને પત્ર પાઠવ્યો**

# રાજુલાની દિકરીએ પટણામાં યોજાયેલી એથ્લેટિકમાં બે ગોલ્ડ જીત્યા

રાજુલા,તા.૨૦



બિહારના પટણામાં આયોજિત ૨૧મી નેશનલ એથ્લેટિક ચેમ્પિયનશિપમાં રાજુલાની દોશી હરગોવિંદ જશરાજ કન્યા શાળાની વિદ્યાર્થીની ફલખ અલારખભાઈ સાખાણીએ અદભૂત દેખાવ કર્યો છે. ફલખે ૧૦૦ મીટર દોડ અને લાંબી કૂદમાં સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન મેળવી બે ગોલ્ડ મેડલ જીત્યા છે. આચાર્ય મનિષકુમાર વાઘેલા અને પરિવારના પ્રોત્સાહનથી ફલખે રાજ્યનું ગૌરવ વધાર્યું છે. શાળા પરિવાર અને એસ.એમ.સી. દ્વારા આ તેજસ્વી ખેલાડીને ઉજ્જવળ ભવિષ્ય માટે અનેક શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# અમરેલી જેલમાં કેદીનો આતંક : દૂધ બાબતે જેલ સિપાઈ પર સ્ટીલની બરણીથી હુમલો

અમરેલી, તા.૨૦

અમરેલી જિલ્લા જેલ ફરી એક વખત ચર્ચામાં આવી છે. દૂધ વિતરણ જેવી નજીવી બાબતે ઉશ્કેરાયેલા કેદીએ જેલના સિપાઈ પર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. અમરેલી ઓપન જેલના કાર્યકારી અધિક્ષક એ.એન.પરમારે કાર્તિક રાઠોડ નામના કેદી સામે ફરિયાદ નોંધાવી હતી. અમરેલી જિલ્લા જેલના કાર્યકારી અધિક્ષકની ફરિયાદ અનુસાર, ઓપન જેલના પાકા કામના કેદી વાલજીભાઈ ઉર્ફે વલકુ સાંગા પોતાનું દૂધ વિતરણનું કાર્ય પૂર્ણ કરી રહ્યા હતા. આ સમયે આરોપી કેદીએ દૂધ બાબતે બોલાચાલી અને માથાકૂટ શરૂ કરી હતી.વાલજીભાઈ એ સમજાવ્યું હતું કે દૂધ પૂરું થઈ ગયું હોવાથી બરણી ભરી શકાય તેમ નથી. આ મામલે જેલના ક્લાર્ક રણજીતભાઈ અને અન્ય સ્ટાફે આરોપીને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આરોપી વધુ ઉગ્ર બન્યો હતો. તેણે રણજીતભાઈ સાથે ગેરવર્તન કરી ગાળાગાળી શરૂ કરી હતી. દરમિયાન, ફરજ પરના જેલ સિપાઈ ચંદ્રેશભાઈ વાળા વચ્ચે પડતા આરોપીએ તેમની સાથે પણ ઝપાઝપી કરી હતી.ઉશ્કેરાયેલા આરોપીએ પોતાના હાથમાં રહેલી સ્ટીલની બરણી સિપાઈ ચંદ્રેશભાઈના માથાના ભાગે ઝીંકી દીધી હતી, જેના કારણે તેમને મુંઢ ઈજાઓ પહોંચી હતી. હુમલા બાદ આરોપીએ જેલ સ્ટાફને ખોટા કેસોમાં ફસાવી દેવાની ધમકી પણ આપી હતી.રાજ્યસેવકની ફરજમાં રૂકાવટ કરવા, હુમલો કરી ઈજા પહોંચાડવા તેમજ હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરવા બદલ આરોપી વિરુધ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જેલ પ્રશાસને આ ઘટનાને ગંભીરતાથી લઈ આગળની તપાસ હાથ ધરી હતી. જે બાદ કાર્તિક રાઠોડે પણ જેલ સિપાઈ ચંદ્રેશભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ અમરેલી જીલ્લા જેલ ખાતે દુધ લેવા માટે ગયા હતા. દુધ ન મળતા તેઓ જેલરને રજુઆત કરવા માટે ગયા હતા. આરોપી અમરેલી જીલ્લા જેલ ખાતે જેલ સિપાઈ તરીકે નોકરી કરતા હતા અને તેણે તેની સાથે ઉગ્ર બોલાચાલી કરી તને દુધ દેવાનું નથી થાતું, તું અહિયા આવતો નહિ તેમ કહી તેની પાસે રહેલ ખાલી દૂધની સ્ટીલની બરણી આંચાકી તેના માથામાં મારી હતી. તેમજ બંન્ને પગમાં લાકડાના ધોકા વડે માર મારી તેના બંન્ને પગ પર ઠેકડા માર્યા હતા. જેના કારણે તેના ડાબા પગમાં ફેક્ચર થયું હતું.

# કુંભારીયા ગામની સગીરાને યુવક ભગાડી ગયો

રાજુલા, તા.૨૦

રાજુલાની કુંભારીયા ગામની સગીરાને જાફરાબાદના લોઠપુર ગામનો યુવક ભગાડી ગયો હતો. આ અંગે સગીરાના પિતાએ મૂળ લોઠપુરના અને હાલ કુંભારીયા ગામે રહેતા તુલસીભાઈ ભીખાભાઈ ખસીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી તેમની પુત્રીને તેમના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી બદકામના ઈરાદે ભગાડી ગયો હતો.

તંત્રી લેખ

# ઊર્જા યુધ્ધની ઘંટડી

વિશ્વ હાલમાં એવા સંજોગોમાંથી પસાર થઈ રહ્યું છે જ્યાં યુદ્ધનો અર્થ માત્ર સરહદો સુધી સીમિત રહ્યો નથી, પરંતુ તે સીધો વૈશ્વિક અર્થતંત્રને અસર કરે છે. ખાસ કરીને પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે ઊર્જા સુરક્ષા પર ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. તેલ અને ગેસ જેવા મહત્વપૂર્ણ ઊર્જા સ્ત્રોતો પર થતા હુમલાઓ હવે માત્ર પ્રદેશીય મુદ્દા નથી રહ્યા, પરંતુ તેનો પ્રભાવ વૈશ્વિક બજારો સુધી વ્યાપી રહ્યો છે. આવી પરિસ્થિતિમાં તેલના ભાવોમાં અચાનક વધારો થાય છે, જેના કારણે મોંઘવારીમાં વધારો થાય છે. વૈશ્વિક વેપાર ધીમો પડી જાય છે અને અનેક દેશોના વિકાસ પર તેની નકારાત્મક અસર પડે છે. ખાસ કરીને ઊર્જા પર આધારિત ઉદ્યોગો માટે આ સ્થિતિ ખૂબ જ પડકારજનક બની જાય છે. ભારત માટે આ પરિસ્થિતિ વધુ સંવેદનશીલ છે, કારણ કે દેશ પોતાની ઊર્જાની જરૂરિયાત માટે મોટા પ્રમાણમાં આયાત પર નિર્ભર છે. તેલના ભાવમાં વધારો થતા પરિવહન ખર્ચ વધી જાય છે, જેના કારણે રોજિંદા વપરાશની વસ્તુઓ મોંઘી બને છે. આ સ્થિતિ સીધી રીતે સામાન્ય જનજીવનને અસર કરે છે. ઉપરાંત, ઉદ્યોગોમાં ઉત્પાદન ખર્ચ વધવાથી નિકાસ પર પણ પ્રતિકૂળ અસર પડે છે. આ ઉપરાંત, ગલ્ફ દેશોમાં કામ કરતા ભારતીયો પર પણ આ તણાવની અસર પડી શકે છે. તે દેશો ભારત માટે વિદેશી ચલણનો મહત્વપૂર્ણ સ્ત્રોત છે. જો આ વિસ્તારોમાં અસ્થિરતા વધે, તો રોજગાર અને રેમિટન્સ બંને પર અસર થઈ શકે છે. એરલાઇન, શિપિંગ અને પેટ્રોકેમિકલ જેવા ક્ષેત્રો માટે પણ આ પરિસ્થિતિ ગંભીર બની શકે છે. તાજેતરના સમયમાં ઈરાનના દક્ષિણ પાર્સ ગેસ ક્ષેત્ર અને કતારના રાસ લાફાન એલએનજી હબ પર થયેલા હુમલાઓએ આ ભયને વધુ વાસ્તવિક બનાવ્યો છે. આ ઘટનાઓ દર્શાવે છે કે યુદ્ધ હવે માત્ર સૈન્ય લક્ષ્યો સુધી મર્યાદિત નથી, પરંતુ ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવીને વૈશ્વિક અર્થતંત્રને અસ્થિર કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પરિણામે, બજારોમાં ગભરાટ ફેલાયો છે અને તેલના ભાવમાં તેજી જોવા મળી રહી છે. આ પરિસ્થિતિમાં અમેરિકા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. એક તરફ તે સંઘર્ષથી દૂર રહેવાનો પ્રયાસ કરે છે, તો બીજી તરફ બંને પક્ષોને સંયમ રાખવા માટે દબાણ પણ કરે છે. તેમ છતાં, અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે વ્યૂહાત્મક અભિગમમાં તફાવત જોવા મળે છે. અમેરિકા માટે આ મુદ્દો રાજકીય અને આર્થિક છે, જ્યારે ઈઝરાયલ માટે તે સુરક્ષા અને અસ્તિત્વનો પ્રશ્ન છે. ઈરાન અને ઈઝરાયલ બંને પોતાના હિતોની રક્ષા માટે આક્રમક નીતિ અપનાવી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં સંવાદ અને સંયમ પાછળ રહી જાય છે. ઊર્જા સંસાધનોને યુધ્ધના હથિયાર તરીકે ઉપયોગમાં લેવાથી વૈશ્વિક સ્તરે ગંભીર પરિણામો આવી શકે છે. આ સંજોગોમાં મુખ્ય પ્રશ્ન એ છે કે શું આ વધતા તણાવને રોકી શકાય? હાલની પરિસ્થિતિમાં અમેરિકા પાસે જ આ સંઘર્ષને નિયંત્રિત કરવાની ક્ષમતા છે. જો તે સંતુલિત અને જવાબદાર નીતિ અપનાવે, તો પરિસ્થિતિ કાબૂમાં રહી શકે છે. પરંતુ જો તે એકતરફી અભિગમ અપનાવે, તો સંઘર્ષ વધુ ભયાનક સ્વરૂપ ધારણ કરી શકે છે. અંતમાં, આ સમગ્ર પરિસ્થિતિ સ્પષ્ટ કરે છે કે ઊર્જા હવે માત્ર વિકાસનું સાધન નથી, પરંતુ વૈશ્વિક રાજકારણમાં શક્તિનું પ્રતિક બની ગયું છે. જો ગલ્ફ વિસ્તારમાં તણાવ વધુ વધે, તો તેની અસરથી કોઈ પણ દેશ અસ્પર્શિત રહેશે નહીં. વિશ્વને આ સંકટમાંથી બહાર લાવવા માટે શાંતિ, સંવાદ અને સહયોગ જ એકમાત્ર માર્ગ છે.

# માનવીએ અવકાશમાં પણ કચરાના ઢગલા કર્યા તે હવે ઈસરો સાફ કરશે



અવકાશ માનવજાત માટે શોધખોળ, વૈજ્ઞાનિક પ્રગતિ અને ટેક્નોલોજીકલ વિકાસનું મહત્વપૂર્ણ ક્ષેત્ર બની ગયું છે. પરંતુ છેલ્લા થોડા વર્ષોમાં અવકાશમાં વધતા કચરાએ, જેને "સ્પેસ ડેબ્રીજ" કહેવામાં આવે છે, એક ગંભીર સમસ્યા ઊભી કરી છે. આ કચરો પૃથ્વીના પરિભ્રમણ કક્ષામાં ફરતા બિનઉપયોગી ઉપગ્રહો, રૉકેટના ટુકડાઓ, અને અથડામણથી બનેલા નાના કણોનો બનેલો છે. આ ડેબ્રીજ ખૂબ જ ઝડપે ગતિમાન હોય છે, જેના કારણે કાર્યરત ઉપગ્રહો અને અવકાશ મિશન માટે મોટું જોખમ ઊભું થાય છે. અવકાશ ડેબ્રીજનું મુખ્ય કારણ માનવ દ્વારા કરવામાં આવેલા અવકાશ મિશનો છે.

જ્યારે કોઈ ઉપગ્રહ પોતાની સેવા પૂરી કરે છે અથવા રૉકેટનો ભાગ અવકાશમાં છૂટો પડે છે, ત્યારે તે કચરાના રૂપમાં અવકાશમાં જ રહી જાય છે. સમય જતાં, આ કચરો અથડાઈને વધુ નાના ટુકડાઓમાં વહેંચાઈ જાય છે, જેને "કેસ્કેડિંગ ઈફેક્ટ" કહેવામાં આવે છે. આ પરિસ્થિતિને વૈજ્ઞાનિક રીતે **Kessler Syndrome** તરીકે ઓળખવામાં આવે છે, જેમાં એક અથડામણ બીજા અનેક અથડામણોને જન્મ આપે છે અને અવકાશમાં કચરો સતત વધતો જાય છે. આ ડેબ્રીજના કારણે કાર્યરત ઉપગ્રહો માટે ગંભીર ખતરો ઊભો થાય છે. સંચાર, હવામાન અનુમાન, નૅવિગેશન અને સુરક્ષા માટે ઉપગ્રહો પર આધાર રાખતી આજની દુનિયામાં, જો આ ઉપગ્રહોને નુકસાન થાય તો તેની અસર સીધી માનવ જીવન પર પડે છે. ઉદાહરણ તરીકે, **GPS** સિસ્ટમમાં ખલેલ, ટેલિકૉમ્યુનિકેશનમાં અવરોધ અને હવામાન પૂર્વાનુમાનમાં ભૂલો જેવી સમસ્યાઓ ઊભી થઈ શકે છે. ઉપરાંત, અવકાશમાં જતાં માનવ યાન અને અવકાશયાત્રીઓ માટે પણ આ કચરો જીવલેણ સાબિત થઈ શકે છે. આ સમસ્યાનો ઉકેલ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

શોધવા માટે વિશ્વભરના દેશો અને સંસ્થાઓ પ્રયાસ કરી રહ્યા છે. કેટલીક ટેક્નોલોજી દ્વારા અવકાશ કચરાને પકડીને પૃથ્વી તરફ લાવવા અથવા તેને નષ્ટ કરવા માટે પ્રયોગો થઈ રહ્યા છે. સાથે જ, નવા ઉપગ્રહોને એવી રીતે ડિઝાઈન કરવામાં આવે છે કે તેઓ પોતાની કામગીરી પૂરી થયા પછી સુરક્ષિત રીતે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરીને બળી જાય.

આંતરરાષ્ટ્રીય સ્તરે પણ નિયમો બનાવવામાં આવી રહ્યા છે જેથી અવકાશમાં કચરો ઓછો થાય. અંતરીક્ષમાંથી કચરો હટાવવા માટે ભારત સરકાર અંતરિક્ષ અનુસંધાન સંસ્થા ઈસરો દ્વારા જે કાર્ય થઈ રહ્યું છે ભારત પણ આ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. **ISRO** દ્વારા અનેક ઉપગ્રહ મિશનો સફળતાપૂર્વક કરવામાં આવ્યા છે, પરંતુ સાથે જ અવકાશ ડેબ્રીજ અંગે સજાગતા પણ રાખવામાં આવી છે.


ભારતે પોતાની મિશનોમાં "ડેબ્રીજ મિટીગેશન ગાઈડલાઈન"નું પાલન કરવાનું શરૂ કર્યું છે, જેથી નવા કચરાનું સર્જન ઓછું થાય. વધુમાં, **Mission Shakti** જેવી ઘટનાઓ બાદ ભારતે આંતરરાષ્ટ્રીય સ્તરે જવાબદારીપૂર્વક અવકાશ ઉપયોગ અંગે પ્રતિબધ્ધતા દર્શાવી છે. આગામી સમયમાં ભારતની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બનવાની છે.

ભારત "સ્પેસ સિટ્યુએશનલ અવેરનેસ" **(SSA)** ટેક્નોલોજી વિકસાવી રહ્યું છે, જેના દ્વારા અવકાશમાં ફરતા કચરાને ટ્રેક કરી શકાય છે. આ માટે **IN-SPACe** અને અન્ય સંસ્થાઓ સાથે મળીને ખાનગી ક્ષેત્રને પણ જોડવામાં આવી રહ્યું છે.

ભારત ભવિષ્યમાં એવી ટેક્નોલોજી વિકસાવવા તરફ આગળ વધી રહ્યું છે જે અવકાશ કચરાને દૂર કરી શકે, જેમ કે રોબોટિક આર્મ્સ, નેટ્સ અથવા લેસર સિસ્ટમ. ઉપરાંત, ભારત આંતરરાષ્ટ્રીય સહકાર દ્વારા પણ આ સમસ્યાનો ઉકેલ લાવવા પ્રયત્નશીલ છે. અન્ય દેશો સાથે માહિતી વહેંચણી અને સંયુક્ત પ્રોજેક્ટ્સ દ્વારા અવકાશને સુરક્ષિત રાખવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. ભારતની વધતી સ્પેસ ઈકોનોમી અને ખાનગી કંપનીઓની ભાગીદારી આ ક્ષેત્રમાં નવી શક્યતાઓ ઊભી કરી રહી છે.અંતમાં કહી શકાય કે અવકાશ ડેબ્રીજ એક વૈશ્વિક પડકાર છે, જેનો ઉકેલ એકલા કોઈ દેશ આપી શકતો નથી. પરંતુ જવાબદારીપૂર્વક ટેક્નોલોજીનો ઉપયોગ અને આંતરરાષ્ટ્રીય સહકાર દ્વારા આ સમસ્યાને નિયંત્રિત કરી શકાય છે. ભારત પોતાની વૈજ્ઞાનિક ક્ષમતા અને નીતિઓ દ્વારા આ ક્ષેત્રમાં આગેવાની લઈ શકે છે અને ભવિષ્યમાં અવકાશને વધુ સુરક્ષિત બનાવવા માટે મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

**આપણે રોજ ટેમ્પલ બેલમાં ગીત સાંભળીએ છીએ કે "સ્વચ્છ ભારત કા ઇરાદા હૈ." પરંતુ હવે ભારત સરકાર અંતરીક્ષને પણ સ્વચ્છ બનાવવાનો ઇરાદો ધરાવે છે! અને આ માટે ઈસરોએ કાર્ય પણ શરૂ કરી દીધું છે જેને વિશે આજે કોઈ જાણતું નથી આ કાર્ય ભારતની અંતરીક્ષ અનુસંધાન સંસ્થા ઈસરો દ્વારા થઈ રહ્યું છે.**

## શબ્દ સંજોગ-૨૧૬૬



**આડી ચાવી :**
(૧) સંકલ્પ, વિકલ્પ કરનાર ઈન્દ્રિય (૨)
(૨) નાકાવેરો, દાણ (૩)
(૩) તેજ, દિપ્તી (૨)
(૪) હથેળી (૪)
(૫) લવરી, બકવાટ (૩)
(૬) કસોટી, પરીક્ષા (૩)
(૮) ખેલ, ક્રિડા (૩)
(૧૦) કેફ ચડાવે તેવું (૩)
(૧૨) ચલો મહાકાળી માના દર્શને (૪)
(૧૪) એક અંગ્રેજી મહિનો (૨)
(૧૬) અપાર, પુષ્કળ (૪)
(૧૭) જંગલ, અરણ્ય (૨)
(૧૯) તરફેણ, પક્ષ (૨)
(૨૨) બાળક, કપડું (૨)
(૨૩) ક્ષમા કરેલું (૨)
(૨૪) એક ખડધાન્ય (૨)
(૨૫) સુર, ધ્વનિ (૨)

**ઉભી ચાવી :**
(૧) ખોપરીની અંદરનો નરમ ભાગ (૩)
(૩) એક વનસ્પતિ (૨)
(૫) પીડા, ઉપાધી (૨)
(૭) કારોબાર, વ્યવસ્થાનું કામ (૪)
(૯) વિલંબ (૨)
(૧૦) શોક, રડાકૂટ (૩)
(૧૧) ઈતિહાસ (૪)
(૧૨) કવિતાની કડી (૨)
(૧૩) એક તેજાનોઃ ......પત્ર (૩)
(૧૫) કસ, સત્વ (૨)
(૧૬) પવિત્ર, શુધ્ધ (૩)
(૧૮) અવાજ, નાદ (૨)
(૨૦) ઉજ્જડ (૩)
(૨૧) કાગળ બનાવનારો કારીગર (૩)
(૨૩) મહિનો (૨)
(૨૪) સરસ્વતી સંબંધી (૪)
(૨૭) ખાંસી, ઉધરસ (૨)
(૨૯) એક વનસ્પતિ, ઔષધી (૩)

## શબ્દ સંજોગ-૨૧૬૫ જવાબ

**આડી ચાવી** : (૧) સવિતા (૩) સરવે (૬) વાહ (૭) સરસ (૮) દાતા (૯) લીગલ (૧૧) સામદેવ (૧૩) વસાઈ (૧૪) વા (૧૫) લાડલી (૧૭) આનન (૧૯) લાર (૨૦) સારસ (૨૧) કસ (૨૩) પોટર (૨૪) નવલખ (૨૬) મૂક (૨૭) વાદ (૨૮) પરવળ (૨૯) કળી. **ઉભી ચાવી** : (૧) સવાલી (૨) વિહગ (૩) સરસાઈ (૪) રસમ (૫) પિતા (૮) દાદ (૧૦) લવલી (૧૨) વેતન (૧૫) લાલા (૧૬) ડરપોક (૧૭) આસન (૧૮) નકલ (૨૦) સારવાર (૨૨) સખતળી (૨૫) વરો (૨૪) મૂડી.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૩૦ | ૧૬૨૯ |
| જુવાર સફેદ | ૯૮૦ | ૧૦૭૦ |
| બાજરી | ૨૨૫ | ૩૨૦ |
| ચણા પીળા | ૯૨૦ | ૧૦૪૦ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૭૩૦ |
| અડદ | ૯૦૦ | ૧૭૨૦ |
| મગ | ૮૦૦ | ૧૬૬૮ |
| વાલ દેશી | ૬૬૫ | ૧૦૯૮ |
| વટાણા | ૭૭૦ | ૧૨૨૦ |
| રાજમા | ૧૧૦૦ | ૧૭૭૦ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૫૪૭ |
| મગફળી જીણી | ૧૨૫૦ | ૧૫૦૪ |
| તલી | ૧૫૮૫ | ૨૧૬૬ |
| સુરજમુખી | ૯૯૯ | ૧૪૫૧ |
| એરંડા | ૧૧૮૪ | ૧૨૯૪ |
| અજમો | ૨૧૨૫ | ૨૧૨૫ |
| સુવા | ૧૬૫૦ | ૧૬૫૦ |
| સોયાબીન | ૮૫૦ | ૧૦૩૦ |
| સીંગફાડા | ૧૩૨૦ | ૧૭૦૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૪૦૦૦ |
| લસણ | ૯૦૦ | ૧૪૦૦ |
| જીરૂ | ૩૩૮૦ | ૪૩૨૬ |
| રાય | ૧૦૫૦ | ૧૨૭૦ |
| અશેરીયો | ૧૧૦૭ | ૧૧૦૭ |
| કલોંજી | ૨૨૧૦ | ૩૧૭૮ |
| રાયડો | ૯૦૦ | ૧૧૮૧ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૧૦૦૭ | ૧૪૪૯ |
| લીંબુ | ૧૪૨૮ | ૨૯૨૯ |
| સાકરટેટી | ૧૫૨ | ૩૧૪ |
| તરબુચ | ૨૧૧ | ૪૧૮ |
| પપૈયા | ૯૧ | ૧૮૨ |
| બટેટા | ૬૮ | ૨૪૧ |
| ડુંગળી સુકી | ૫૧ | ૨૩૨ |
| ટમેટા | ૯૧ | ૨૧૧ |
| સુરણ | ૧૦૧૨ | ૧૨૦૫ |
| કોથમરી | ૧૮૩ | ૩૧૪ |
| સકરીયા | ૪૧૮ | ૬૦૬ |
| મુળા | ૩૧૪ | ૫૦૮ |
| રીંગણા | ૨૦૩ | ૪૫૯ |
| કોબીજ | ૬૨ | ૧૦૩ |
| ફ્લાવર | ૧૭૯ | ૩૪૮ |
| ભીંડો | ૬૫૪ | ૯૪૧ |
| ગુવાર | ૯૨૧ | ૧૩૦૯ |
| ચોળાસીંગ | ૭૭૮ | ૧૧૯૩ |
| વાલોળ | ૪૬૭ | ૬૯૨ |
| ટીંડોળા | ૪૦૨ | ૭૮૯ |
| દુધી | ૧૧૮ | ૨૩૨ |
| કારેલા | ૫૮૭ | ૮૦૮ |
| સરગવો | ૩૨૯ | ૬૭૮ |
| તુરીયા | ૪૪૮ | ૬૯૧ |
| પરવર | ૧૨૨૧ | ૧૪૧૮ |
| કાકડી | ૨૫૨ | ૫૧૭ |
| ગાજર | ૨૦૬ | ૩૦૬ |
| વટાણા | ૬૨૩ | ૮૯૭ |
| ગલકા | ૪૭૯ | ૬૩૯ |
| બીટ | ૯૨ | ૧૭૭ |
| મેથી | ૨૦૪ | ૩૦૯ |
| વાલ | ૬૮૪ | ૮૮૮ |
| ડુંગળી લીલી | ૨૦૭ | ૩૩૨ |
| આદુ | ૯૨૩ | ૧૧૧૭ |
| મરચા લીલા | ૬૦૭ | ૮૩૨ |
| લસણ લીલું | ૫૨૮ | ૮૨૧ |
| મકાઇ લીલી | ૧૦૬ | ૨૧૨ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૬૧૬ |
| મગફળી જીણી | ૧૧૫૧ | ૧૫૫૬ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૮૬૧ |
| એરંડા / એરંડી | ૧૧૭૬ | ૧૨૯૧ |
| કલંજી | ૧૮૦૦ | ૩૨૪૧ |
| વરીયાળી | ૧૬૫૧ | ૧૬૫૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૭૦૧ | ૯૦૦૧ |
| ડુંગળી લાલ | ૫૬ | ૨૪૧ |
| અડદ | ૯૦૦ | ૧૭૧૧ |
| મઠ | ૫૭૬ | ૭૫૧ |
| તુવેર | ૯૫૧ | ૧૫૬૧ |
| રાજગરો | ૧૧૩૧ | ૧૧૩૧ |
| રાયડો | ૧૦૧૧ | ૧૧૬૧ |
| રાય | ૧૦૦૧ | ૧૧૫૧ |
| મેથી | ૬૦૧ | ૧૪૫૧ |
| કાંગ | ૩૫૧ | ૪૭૧ |
| મરચા | ૧૬૦૧ | ૭૨૦૧ |
| મગફળી જાડી | ૧૦૬૧ | ૧૫૧૧ |
| ડુંગળી સફેદ | ૧૯૬ | ૨૭૬ |
| બાજરો | ૨૫૧ | ૩૫૧ |
| જુવાર | ૭૫૧ | ૮૯૧ |
| મકાઇ | ૩૦૧ | ૩૮૧ |
| મગ | ૧૬૯૧ | ૧૭૦૧ |
| વાલ | ૪૨૬ | ૧૦૭૧ |
| ચોળા / ચોળી | ૩૦૧ | ૭૬૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૦૬૬ |
| કળથી | ૮૦૦ | ૮૦૦ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૨૧૧ |
| વટાણા | ૫૦૧ | ૧૦૧૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૩૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૪૦૦ |
| કાકડી | ૬૦ | ૫૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| તુવેર | ૩૦૦ | ૫૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૨૦૦ | ૧૨૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૩૪૦ |
| કેરી કાચી | ૭૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૪૦ |
| ડુંગળી પુરા | ૨ | ૫ |
| કોથમીર પુરા | ૩ | ૫ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૪૦ |
| ચ્રૂણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૨૬૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૧૫ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૯૦૦ |
| વાલોર | ૪૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૧૬૦ |
| આદુ | ૨૦૦ | ૧૨૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૫ |
| પાલક પુરા | ૨ | ૪ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૫૦ |
| રીંગણા | ૨૨૦ | ૪૩૦ |
| ફ્લાવર | ૧૪૦ | ૨૬૦ |
| કોબીજ | ૮૦ | ૧૦૦ |
| શકકરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ટમેટાં | ૧૦૦ | ૩૦૦ |
| સુરણ | ૮૫૦ | ૯૫૦ |
| ગાજર | ૨૦૦ | ૩૧૦ |
| દુધી | ૨૦૦ | ૨૬૦ |
| કારેલા | ૬૦૦ | ૭૩૦ |
| ગલકા | ૩૦૦ | ૪૨૦ |
| કાકડી | ૨૦૦ | ૩૧૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૬૦૦ |
| વટાણા | ૯૧૦ | ૧૦૨૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૪૫૦ |
| વાલ | ૭૦૦ | ૮૫૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૧૩૦ | ૧૨૭૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૨૫૦ |
| સરગવો | ૨૧૦ | ૩૬૦ |
| લીમડો મીઠો | ૧૯૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૧૦૦૦ |
| મરચાં લાલ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૩૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૦૦ |
| લસણ લીલું | ૬૫૦ | ૮૩૦ |
| લસણ સુકું | ૧૦૦૦ | ૧૬૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| લીબુ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૪૩૧ |
| કપાસ | --- | ૧૫૧૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૩૩ |
| બાજરો | ૫૦૦ | ૬૦૪ |
| જુવાર | ૯૦૦ | ૧૧૦૦ |
| મગ | ૧૩૦૦ | ૧૮૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૩૫ |
| દેશી ચણા | ૧૦૦૦ | ૧૧૪૫ |
| તુવેર | ૧૨૫૦ | ૧૪૫૦ |
| એરડી | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ધાણા | ૧૯૦૦ | ૨૧૫૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૭૫ | ૧૩૭૫ |
| મગફળી | ૧૩૪૫ | ૧૩૪૫ |
| ઘઉં | ૩૦૫ | ૫૦૧ |
| ચણા | ૧૦૨૬ | ૧૦૪૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ધાણા | ૧૫૧૦ | ૧૯૦૫ |
| સફેદ ચણા | ૧૧૧૫ | ૧૧૧૫ |
| સોયાબીન | ૯૧૫ | ૯૬૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૨૪ |
| ઘઉ લોકવન | ૩૬૦ | ૪૪૫ |
| ઘઉ ટુકડા | ૩૮૨ | ૪૮૧ |
| ચણા | ૯૦૦ | ૧૦૧૪ |
| ધાણા | ૧૫૩૫ | ૧૯૬૦ |
| શીંગદાણા | ૧૪૩૫ | ૧૪૩૫ |
| તુવેર | ૮૯૫ | ૧૪૫૦ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| મગફળી | ૧૧૨૫ | ૧૧૯૫ |
| સોયાબીન | ૮૮૦ | ૯૭૦ |
| ધાણી | ૧૫૧૫ | ૧૫૫૫ |
| રાય | ૭૦૦ | ૭૦૦ |
| એરંડી | ૭૦૦ | ૧૧૬૨ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૨૫૦ | ૧૩૫૧ |
| શીંગ ૩૯ | ૧૦૫૦ | ૧૨૫૨ |
| શીંગ જી-૨૦ | ૧૩૦૦ | ૧૪૬૦ |
| જુવાર | ૪૪૮ | ૧૦૦૧ |
| બાજરી | ૩૨૧ | ૬૪૮ |
| ઘઉં ટુકડા | ૪૨૧ | ૬૧૧ |
| અડદ | ૫૦૧ | ૫૦૧ |
| મગ | ૬૫૦ | ૧૯૦૦ |
| રાય | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૮૫૧ | ૧૦૬૨ |
| તલ સફેદ | ૧૫૮૦ | ૧૭૮૫ |
| તલ પુરબીયા | ૧૭૬૫ | ૧૮૬૦ |
| તુવેર | ૧૩૬૫ | ૧૩૯૯ |
| જીરૂ | ૩૫૦૧ | ૩૮૯૦ |
| ડુંગળી લાલ | ૭૦ | ૧૭૧ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૭૫ |
| કપાસ શંકર | ૪૦૦ | ૧૪૩૫ |
| નાળીયેર | ૫૫૦ | ૨૪૩૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૭૦ | ૧૫૧૨ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૯૦ |
| રાય | ૧૦૧૧ | ૧૧૮૨ |
| રાયડો | ૯૭૦ | ૧૧૨૪ |
| મેથી | ૯૭૦ | ૧૧૭૦ |
| જુવાર | ૮૫૦ | ૧૧૧૮ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૨૨ |
| ચણા | ૯૮૦ | ૧૦૩૭ |
| સોયાબીન | ૯૬૦ | ૧૦૭૦ |
| ધાણા | ૧૬૦૦ | ૧૯૨૮ |
| કપાસ | ૧૨૧૦ | ૧૫૫૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૯૫ | ૧૫૯૦ |
| મગફળી | ૧૨૬૦ | ૧૩૭૬ |
| ચણા | ૧૦૦૫ | ૧૦૨૫ |
| તુવેર | ૧૪૫૦ | ૧૪૫૦ |
| **જામનગર** | | |
| ઘઉં | ૪૦૦ | ૪૫૧ |
| ચણા સફેદ | ૧૦૮૦ | ૧૬૦૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૪૫ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૨૫ |
| લસણ | ૬૪૦ | ૧૩૯૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| અજમો | ૨૨૫૦ | ૩૩૮૦ |
| અજમાની ભૂસી | ૧૨૦ | ૧૬૯૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| તલ કાળા | ૨૬૫૦ | ૨૬૫૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| બાજરો | ૨૫૦ | ૩૦૦ |
| ઘઉં ટુકડા | ૩૨૭ | ૫૧૫ |
| જુવાર | ૫૦૦ | ૧૦૮૬ |
| મકાઈ | ૫૦૧ | ૫૦૧ |
| મગ | ૧૩૧૦ | ૧૩૧૦ |
| તુવેર | ૧૨૯૫ | ૧૪૬૬ |
| ચણા | ૭૧૧ | ૧૦૧૩ |
| સોયાબીન | ૭૦૦ | ૭૦૦ |
| રાય | ૧૦૦૦ | ૧૨૦૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# માવઠાથી ખેડૂતોને થયેલા નુકસાનીનું વળતર ચુકવવા કોંગ્રેસની રાજ્ય સરકાર સમક્ષ માંગ

**જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે મુખ્યમંત્રી-કૃષિ મંત્રીને પત્ર લખ્યો**

અમરેલી, તા.૨૦



અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે જિલ્લામાં કમોસમી વરસાદથી ખેડૂતોને ભારે નુકસાન થતાં તેમના દેવા માફી અને પૂરતા વળતર માટે સરકારને તાત્કાલિક પગલાં લેવા પત્ર પાઠવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાય વર્ષોથી સતત કુદરતી આફતોના કારણે ખેડૂતોની પરિસ્થિતિ ગંભીર બની રહી છે. વર્ષ ૨૦૨૧માં આવેલ 'તૌકતે' વાવાઝોડા પછી ખેડૂતો હજુ સુધી સંપૂર્ણ રીતે સ્વસ્થ થઈ શક્યા નથી. વર્ષ ૨૦૨૪-અને ૨૦૨૫ દરમિયાન થયેલી અતિવૃષ્ટિ અને વારંવારના કમોસમી વરસાદના કારણે ખેતીને ભારે નુકસાન થયું છે. ૧૯/૦૩/૨૦૨૬ના રોજ ભર ઉનાળામાં પડેલા કમોસમી વરસાદ અને પવનના કારણે ઉભા પાકો જેમ કે ઘઉં, ચણા તથા બાગાયતી પાકોમાં ખાસ કરીને કેરીને ગંભીર નુકસાન થયું છે. ખેડૂતો બિયારણ, ખાતર, દવાઓ અને ડીઝલ જેવા ખર્ચ માટે બેંક અને ખાનગી સ્ત્રોતોમાંથી ધિરાણ લઈને ખેતી કરે છે, પરંતુ સતત પાક નિષ્ફળ જતા તેઓ માટે લોનના હપ્તા તથા વ્યાજ ચૂકવવું મુશ્કેલ બની ગયું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ખેડૂતોના હિતમાં દેવા માફી અને પૂરતા વળતરના તાત્કાલિક પગલાં લેવા મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને પત્ર પાઠ્યો છે.

**સાહિત્યકાર રામભાઈ વાળાએ ઈતિહાસની ગૌરવગાથા વર્ણવી**

# સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિત્તે શહીદ થનારાઓને SGVP ગુરૂકૂલ પરિવારે યાદ કર્યા

અમરેલી,તા.૨૦



સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિત્તે આયોજિત સત્સંગમાં માધવપ્રિયદાસજી સ્વામીજીએ સોમનાથની રક્ષા કાજે બલિદાન આપનાર અમર શહીદ વેગડાજી ભીલના વંશજો સાથે ભાવપૂર્ણ સંવાદ કર્યો હતો. આ પ્રસંગે સાહિત્યકાર રામભાઈ વાળાએ ઈતિહાસની ગૌરવગાથા વર્ણવી હતી. સ્વામીજીએ હમીરસિંહ ગોહિલ, વેગડાજી ભીલ, આઈ લખુમા ચારણ અને રાજલબાના સર્વોચ્ચ બલિદાનને બિરદાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ સાથે તેમણે SGVP ગુરુકુલ દ્રોણેશ્વર વતી વેગડાજી કુળના વિકાસ માટે સહાય કરવાની ઉમદા ઈચ્છા વ્યક્ત કરી હતી. સ્વામીજીનો આ પ્રેરણાદાયી અભિગમ સમાજમાં એકતા અને સમરસતાના નવા દ્વાર ખોલવામાં અત્યંત પ્રભાવશાળી સાબિત થયો છે.

# રામનવમી, રમઝાન ઈદને લઈ રાજુલા પોલીસનું ફૂટ પેટ્રોલીંગ

રાજુલા, તા.૨૦




રાજુલા પોલીસે આગામી રામનવમી અને ઈદના તહેવારોને ધ્યાનમાં રાખીને શહેરમાં ફૂટ પેટ્રોલિંગ યોજ્યું હતું. સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી પોલીસ જવાનોએ લોકોમાં વિશ્વાસ જગાવ્યો હતો. તહેવારો દરમિયાન કોમી સૌહાર્દ અને ભાઈચારો જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા આગેવાનો સાથે સંપર્ક કરી અફવાઓથી દૂર રહેવાની ખાસ અપીલ કરવામાં આવી છે.

# રાજ્યની આંગણવાડી-આશા બહેનો હવે પડતર માંગણીઓ મુદ્દે આરપારની લડાઈ કરવાના મૂડમાં

ગાંધીનગર, તા.૨૦



ગુજરાતમાં આંગણવાડી કાર્યકર, આશા વર્કર અને હેલ્પર બહેનો પોતાના હક્ક માટે હવે નિર્ણાયક લડતના મૂડમાં છે. લાંબા સમયથી પડતર માંગણીઓ ન સંતોષાતા રાજ્યભરની અંદાજે એક લાખથી વધુ બહેનોએ સરકાર સામે મોરચો માંડ્યો છે. અમદાવાદના લાલ દરવાજા સહિત રાજકોટ અને ભાવનગરમાં પણ સતત બીજા દિવસે ઉગ્ર વિરોધ પ્રદર્શનો યોજાયા હતા. આંદોલનકારી બહેનોનો આક્ષેપ છે કે સરકાર સાથે ૨૭ જેટલી બેઠકો યોજાઈ હોવા છતાં કોઈ નક્કર પરિણામ આવ્યું નથી. ગત ૧૦ માર્ચના રોજ મળેલી ખાતરી માત્ર કાગળ પર રહેતા બહેનોમાં ભારે રોષ છે. તેમની મુખ્ય માંગણીઓમાં વધતી મોંઘવારી સામે વેતન વધારો અને કામના બોજમાં ઘટાડો મુખ્ય છે. સંગઠનોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી બે દિવસમાં યોગ્ય નિર્ણય નહીં લેવાય, તો વિધાનસભાનો ઘેરાવ કરવામાં આવશે અને જરૂર પડ્યે અનિશ્ચિત મુદતની હડતાળ પર ઉતરવામાં આવશે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના કાર્યક્રમમાં ફેરફાર : આવતીકાલે અમરેલી આવશે

અમરેલી,તા.૨૦



રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના કાર્યક્રમમાં ફેરફાર થયો છે. મુખ્યમંત્રી હવે આવતીકાલે રવિવારના રોજ અમરેલી આવશે. મુખ્યમંત્રી, પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સાવરકુંડલા રોડ પર આવેલા માર્કેટીંગ યાર્ડ ખાતે પધારશે. મુખ્યમંત્રી રવિવારે અમરેલી જિલ્લામાં આશરે ૬૮૧.૭૮ કરોડના ખર્ચે કુલ ૧૪ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત કરી જિલ્લાને વિકાસની નવી ભેટ આપશે. આ પ્રોજેક્ટ્સમાં માર્ગ અને મકાન વિભાગના ૬૩૮.૨૬ કરોડના મહત્વના કામોનો સમાવેશ થાય છે, જેમાં રાધેશ્યામ ચોકડીથી માચીયાળા સુધીના ૨૭૦ કરોડના નવા બાયપાસ રોડનો પણ સમાવેશ છે.

# ભાવનગરમાં મિલકત ટ્રાન્સફરના બદલામાં લાંચ માંગવાના કેસમાં પ્રભારી મંત્રી કૌશિક વેકરીયા આક્રમક

ભાવનગર,તા.૨૦



ભાવનગર જિલ્લાના SDM પ્રતિભા દહિયા અને તેમના ડ્રાઈવર સામે મિલકત ટ્રાન્સફરના બદલામાં ૧૪ લાખ રૂપિયાની લાંચ માંગવાના ગંભીર આક્ષેપો બાદ રાજ્ય સરકાર એક્શન મોડમાં આવી છે. આ પ્રકરણમાં લાંચ માંગતા હોવાનો ઓડિયો અને વીડિયો વાયરલ થતાં વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. ભાવનગર કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી મહત્વની બેઠકમાં પ્રભારી મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે આરોપી ગમે તેટલો વગદાર હોય, સરકાર કોઈ પણ પ્રકારની બાંધછોડ કરશે નહીં.

મંત્રીએ પોલીસ વિભાગને તાત્કાલિક FIR નોંધીને તટસ્થ તપાસ કરવાના આદેશ આપ્યા છે. બેઠક દરમિયાન વિકાસ કામોની સમીક્ષા સાથે અશાંતધારા કાયદાના ઉલ્લંઘન અને વહીવટી ગેરરીતિઓ અંગે પણ ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે આગામી સમયમાં અશાંતધારાના નિયમોમાં જરૂરી સુધારા કરીને વિધાનસભામાં રજૂ કરવામાં આવશે. ભ્રષ્ટાચારના આ મામલે કાયદેસરની કાર્યવાહી તેજ કરી દેવામાં આવી છે અને તપાસ અહેવાલના આધારે કડક પગલાં લેવામાં આવશે, જેથી વહીવટી પ્રક્રિયામાં પારદર્શિતા જળવાઈ રહે.

# ગોંડલમાં નશાખોર કારચાલકને લોકોએ 'મેથી પાક' આપ્યો

ગોંડલ,તા.૨૦



ગોંડલમાં ગત રાત્રે ભયાનક દ્રશ્યો સર્જાયા હતા. નશામાં ધૂત એક કાર ચાલકે પાંજરાપોળ પાસે અકસ્માત સર્જી ભાગવાનો પ્રયાસ કરતા શહેરના મુખ્ય માર્ગો પર અફરાતફરી મચી ગઈ હતી. ફિલ્મી સ્ટાઈલમાં થયેલા આ પીછા બાદ અંતે લોકોએ આરોપીઓને પાઠ ભણાવ્યો છે. પાંજરાપોળ પાસે GJ 01 HP 3789 નંબરની અલ્ટો કારના ચાલકે એક બાઈક સવારને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત સર્જી ચાલક ઉભો રહેવાને બદલે ફૂલ સ્પીડે કાર હંકારી નાસી છૂટ્યો હતો. અન્ય વાહન ચાલકોએ આ અલ્ટો કારનો પીછો કરવાનું શરૂ કર્યું. ટ્રાફિકથી ધમધમતા નાની બજાર, માંડવી ચોક અને સેન્ટ્રલ ચોક જેવા વિસ્તારોમાં કાર ચાલકે ગાડી બેફામ દોડાવતા અનેક લોકોના જીવ જોખમમાં મુકાયા હતા. આખરે આશાપુરા ચોકડી પાસે લોકોએ કારને ઘેરી લીધી હતી. ઉશ્કેરાયેલા ટોળાએ કાર ચાલક અને તેની સાથેના અન્ય એક શખ્સને બહાર કાઢી બરાબરનો 'મેથી પાક' ચખાડ્યો હતો. લોકોએ કારમાં તોડફોડ કરી તેનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો હતો. આશ્ચર્યની વાત એ છે કે અકસ્માત સર્જનાર કારમાંથી દારૂની બોટલ, ગ્લાસ અને બાયટીંગ જેવી સામગ્રી મળી આવી છે, જે સ્પષ્ટ કરે છે કે ચાલક નશાની હાલતમાં વાહન ચલાવી રહ્યો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલા કાર ચાલક અને તેના સાથીને ટોળામાંથી છોડાવી સારવાર અર્થે ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

# રામનવમી અને રમઝાન ઈદના તહેવારોને લઈ કોડીનાર પોલીસનું ફૂટ માર્ચ

કોડીનાર,તા.૨૦




રામનવમી અને રમઝાન ઈદ જેવા પવિત્ર તહેવારોને ધ્યાનમાં રાખીને કોડીનાર પોલીસ દ્વારા શહેરમાં સઘન ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ઈન્ચાર્જ પીઆઈ એમ. કે. વણારકાના માર્ગદર્શન હેઠળ પોલીસ અધિકારીઓ, જીઆરડી જવાનો અને મહિલા પોલીસ સ્ટાફની ટીમે મુખ્ય બજારો તથા ભીડભાડવાળા વિસ્તારોમાં સતત વોચ રાખી હતી. આ કામગીરીનો મુખ્ય હેતુ લોકોમાં સુરક્ષાનો વિશ્વાસ મજબૂત કરવાનો અને શાંતિપૂર્ણ વાતાવરણ સુનિશ્ચિત કરવાનો હતો. પોલીસે વેપારીઓ અને નાગરિકોને કોઈપણ પ્રકારની અફવાઓથી દૂર રહીને શાંતિ જાળવવા અપીલ કરી હતી તેમજ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા સૂચના આપી હતી.

# રાજ્યમાં અકસ્માતના જુદા-જુદા બનાવમાં ત્રણથી વધુના મોત

**પોલીસે અંદાજે રૂ. ૧૨.૩૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

અમદાવાદ, તા. ૨૦



ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કંપારી છૂટી જાય તેવા અનેક માર્ગ અકસ્માતો સર્જાયા છે. અમદાવાદના સીટીએમ (CTM) વિસ્તારમાં આજે એક હૃદયદ્રાવક ઘટના બની હતી, જેમાં પ્રતિબંધિત બીઆરટીએસ ટ્રેકમાં ઘૂસેલા મોપેડ ચાલક સગીરને પૂરપાટ ઝડપે આવત બસે અડફેટે લીધો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે બસે યુવકને અંદાજે ૬૦ ફૂટ સુધી ઢસડ્યો હતો, જેમાં તેનું મોઢું છુંદાઈ જતાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. ટ્રાફિક પોલીસે બસ ચાલક વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માતોનો આ સિલસિલો માત્ર અમદાવાદ પૂરતો મર્યાદિત રહ્યો નથી. સુરેન્દ્રનગરના ચોટીલા નજીક કાર, પીકઅપ વાન અને ટ્રક વચ્ચે થયેલા ત્રિપાંખિયા જંગમાં બે વ્યક્તિઓના મોત નીપજ્યા છે, જ્યારે બે ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે. આ ઉપરાંત, નવાગામા ફાટક પાસે કાર અને બાઈક વચ્ચેની ટક્કરમાં એક મહિલાનું મોત થયું છે અને તેના પતિ હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. કેશોદના મંગલપુર ફાટક પાસે પણ એક અજીબોગરીબ અકસ્માત સર્જાયો હતો. પોલીસ પીછો કરી રહી હોવાથી ભાગવા જતી એક ઈનોવા કાર પલટી મારી ગઈ હતી, જેમાંથી ૯૭૫ નંગ ઈંગ્લિશ દારૂની બોટલો મળી આવી છે. પોલીસે અંદાજે રૂ. ૧૨.૩૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મતદાન મથકોની યાદી તૈયાર કરવા આદેશ

અમદાવાદ, તા.૨૦



ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા એક મહત્વપૂર્ણ પરિપત્ર બહાર પાડીને ચૂંટણી પ્રક્રિયાને વેગ આપવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. આ પરિપત્ર અનુસાર, રાજ્યભરના તમામ જિલ્લાઓ અને શહેરોમાં મતદાન મથકોની આખરી યાદી તૈયાર કરવાની પ્રક્રિયા સત્તાવાર રીતે શરૂ કરી દેવામાં આવી છે. આ કામગીરી હેઠળ દરેક મતદાન મથકનું ચોક્કસ સ્થળ, તે કયા વિસ્તારમાં આવેલું છે અને ત્યાં નોંધાયેલા મતદારોની કુલ સંખ્યા કેટલી છે, તેનું સચોટ આયોજન કરવામાં આવશે. આગામી સમયમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાઓની ચૂંટણીઓ યોજાવાની છે, ત્યારે મતદારોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે વહીવટી તંત્ર અત્યારથી જ સજ્જ બન્યું છે. ચૂંટણી આયોગે જિલ્લા અને શહેર સ્તરના ચૂંટણી અધિકારીઓને આ કામગીરી માટે વિશેષ જવાબદારી સોંપી છે. અધિકારીઓને તાકીદ કરવામાં આવી છે કે મતદાન મથકો સંબંધિત તમામ માહિતી નિયત સમયમર્યાદામાં તૈયાર કરી ઉચ્ચ સ્તરે મોકલી આપવામાં આવે. આ પ્રક્રિયાનો મુખ્ય ઉદ્દેશ્ય ચૂંટણી પ્રક્રિયાને વધુ પારદર્શક, સરળ અને સુવ્યવસ્થિત બનાવવાનો છે, જેથી મતદાન દરમિયાન કોઈપણ પ્રકારનો વિલંબ કે અવ્યવસ્થા ન સર્જાય.

# કોડીનાર પોલીસે ઉના બાયપાસ પરથી વિદેશી દારૂ ભરેલી અલ્ટો કાર ઝડપી

ગીર સોમનાથ,તા.૨૦




ગીર સોમનાથ જિલ્લામાં પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ સામે પોલીસ અધિક્ષક દ્વારા શરૂ કરાયેલી ખાસ ઝુંબેશ અંતર્ગત કોડીનાર પોલીસને ઉના બાયપાસ પરથી દારૂનો જથ્થો પકડવામાં સફળતા મળી છે. જૂનાગઢ રેન્જ આઈ.જી.પી. અને ગીર સોમનાથ પોલીસ અધિક્ષકની સૂચનાથી કોડીનાર પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન એ.એસ.આઈ. પ્રફુલભાઈ જેસીંગભાઈ અને હેડ કોન્સ્ટેબલ મુકેશભાઈને મળેલી ચોક્કસ બાતમીના આધારે નેશનલ હાઈવે પર વોચ ગોઠવવામાં આવી હતી. પોલીસે બાતમી વાળી અલ્ટો કાર (GJ-32-A-4242) ને આંતરી તેની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની કુલ ૯૧ સીલપેક બોટલો મળી આવી હતી. આ કાર્યવાહી દરમિયાન પોલીસે રૂ.૪૮,૨૦૦ ની કિંમતનો દારૂ, રૂ.૮૦,૦૦૦ ની કિંમતની કાર અને રૂ.૫,૦૦૦ નો મોબાઈલ મળી કુલ રૂ.૧,૩૩,૨૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે આ ગુનામાં અજયભાઈ રામસિંહભાઈ બામણીયા (રહે. નવાગામ, તા. સૂત્રાપાડા) ની ઘટનાસ્થળેથી ધરપકડ કરી છે. પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે આ દારૂનો જથ્થો હિતેશભાઈ અમરાભાઈ સોંદરવા (રહે. મોટા ગામ, તા. ઉના) એ ભરી આપ્યો હતો. પોલીસે હિતેશ સોંદરવાને વોન્ટેડ જાહેર કરી તેને પકડવા માટે તપાસ તેજ કરી છે. આ સફળ કામગીરી કોડીનાર પોલીસ ઈન્સ્પેક્ટર એમ.કે. વણારકાના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. પ્રદીપસિંહ, હેડ કોન્સ્ટેબલ અભિજીતસિંહ, કનુભાઈ તથા અન્ય પોલીસ જવાનો દ્વારા કરવામાં આવી હતી.

# તમિલનાડુના સેલમમાં ગમખ્વાર માર્ગ અકસ્માત બે બાળકો સહિત એક જ પરિવારના ૮ના મોત

સેલમ, તા.૨૦

તમિલનાડુના સેલમ નજીક ઉથામસોલપુરમમાં એક અત્યંત કરુણ માર્ગ અકસ્માત સર્જાયો છે, જેમાં બે માસૂમ બાળકો સહિત કુલ ૮ લોકોના મોત નીપજ્યા છે. આ દુર્ઘટનાને પગલે સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ઈરોડથી સેલમ જઈ રહેલી તમિલનાડુ સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ વિરુધ્ધ લેનમાં પલટી ખાઈ ગઈ હતી અને સામેથી આવી રહેલા એક મિની ટ્રાન્સપોર્ટર (ઓટો-રિક્ષા) સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ



ભયાનક ટક્કરમાં ૪ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થયા હતા, જ્યારે અન્ય ઈજાગ્રસ્તોએ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. મૃતકોમાં ૫ વર્ષની નીતિષ્કા અને ૧૧ મહિનાની જીવિકા સહિત પરિવારના અન્ય સભ્યોનો સમાવેશ થાય છે. આ પરિવાર એક સામાજિક પ્રસંગ પતાવીને પરત ફરી રહ્યો હતો ત્યારે કાળનો પંજો ત્રાટક્યો હતો. સેલમ જિલ્લા કલેક્ટર બ્રિન્દા દેવી અને પોલીસ અધિકારીઓએ ઘટનાસ્થળની મુલાકાત લઈ તપાસ શરૂ કરી છે. હાલ બસ ચાલકની અટકાયત કરવામાં આવી છે અને સીસીટીવી ફૂટેજના આધારે અકસ્માતનું સચોટ કારણ જાણવા પ્રયાસો હાથ ધરાયા છે.

# આગ્રામાં બોલેરો ઝાડ સાથે અથડાતા એક જ પરિવારના પાંચ લોકોના મોત

આગ્રા,તા.૨૦

આગ્રામાં શ્રદ્ધાળુઓથી ભરેલી એક બોલેરો કાર ઝાડ સાથે ધડાકાભેર અથડાતા ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં એક જ પરિવારના પાંચ સભ્યોના કરૂણ મોત નીપજ્યા છે, જેમાં પિતા, પુત્ર, પુત્રવધૂ, પૌત્રી અને પૌત્રનો સમાવેશ થાય છે, જ્યારે અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. અકસ્માત એટલો જોરદાર હતો કે ગાડીનો આગળનો ભાગ સંપૂર્ણપણે કચડાઈ ગયો હતો અને છતનો અડધો ભાગ ઉખડી ગયો હતો. આ પરિવાર નવરાત્રીના પ્રથમ દિવસે ઈટાવાથી રાજસ્થાનના કૈલાદેવી



મંદિરે દર્શન કરવા ગયો હતો અને મોડી રાત્રે પરત ફરી રહ્યો હતો ત્યારે ગુરુવારે રાત્રે ૧૧ વાગ્યે ચિત્રાહાટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ ઘટના બની હતી. અકસ્માત બાદ સ્થાનિક ગ્રામજનોએ માનવતા દાખવીને ગાડીના કાચ તોડી તમામને બહાર કાઢવાના પ્રયત્નો કર્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર મૃતકોની ઓળખ કાંતા પ્રસાદ, તેમના પુત્ર દેવેન્દ્ર, પુત્રવધૂ સીમા, પૌત્રી આરાધ્યા અને પૌત્ર ઋષિ તરીકે થઈ છે. ઘાયલોને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં પાંચને મૃત જાહેર કરવામાં આવ્યા હતા અને વધુ સારવાર માટે અન્યને સૈફઈ મેડિકલ કોલેજમાં મોકલવામાં આવ્યા છે.

# કેન્દ્ર એપ્રિલમાં રેશનકાર્ડ ધારકોને એકસાથે ત્રણ માસનું અનાજ આપશે

ન્યુ દિલ્હી,તા.૨૦

કેન્દ્ર સરકારે દેશના કરોડો રેશનકાર્ડ ધારકો માટે અત્યંત મહત્વપૂર્ણ જાહેરાત કરી છે જેનાથી સામાન્ય પરિવારોને મોટી રાહત મળશે. ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ દ્વારા સોશિયલ મીડિયા પર અપાયેલી જાણકારી મુજબ એપ્રિલ ૨૦૨૬ના મહિનામાં લાભાર્થીઓને એપ્રિલ, મે અને જૂન એમ કુલ ત્રણ મહિનાનો અનાજનો જથ્થો એકસાથે વિતરણ કરવામાં આવશે. આ સુવિધા તમામ પાત્રતા ધરાવતા કાર્ડ ધારકોને પોતાની નજીકની સરકારી સસ્તા અનાજની દુકાન પરથી ઉપલબ્ધ થશે. બીજી તરફ સરકારે સિસ્ટમમાં પારદર્શિતા વધારવા અને ભ્રષ્ટાચાર રોકવા માટે દેશભરમાંથી લાખોની સંખ્યામાં નકલી રેશનકાર્ડ શોધીને તેને રદ કરવાની કડક કાર્યવાહી પણ હાથ ધરી છે.

# પીએસીએલ કૌભાંડમાં ઈડીની મોટી કાર્યવાહી, ૫,૦૪૬ કરોડની સંપત્તિ જપ્ત

નવી દિલ્હી, તા. ૨૦

પર્લ્સ એગ્રોટેક કોર્પોરેશન લિમિટેડ (PSL) કૌભાંડ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ મોટી કાર્યવાહી હાથ ધરી છે. ઈડીએ ૫,૦૪૬.૯૧ કરોડ રૂપિયાની કુલ ૧૨૬ મિલકતો જપ્ત કરી છે, જે મુખ્યત્વે દિલ્હી અને પંજાબમાં સ્થિત છે. આ કેસ દેશના સૌથી મોટા નાણાકીય કૌભાંડો પૈકીનો એક માનવામાં



આવે છે. તપાસ મુજબ કંપનીએ લાખો રોકાણકારોને જમીન આપવાના વચનો આપી આશરે ૪૮,૦૦૦ કરોડ રૂપિયા એકત્રિત કર્યા હતા, પરંતુ મોટાભાગના રોકાણકારોને ન જમીન મળી કે ન જમા કરાવેલા નાણાં પરત મળ્યા. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનએ ૨૦૧૪માં તપાસ શરૂ કરી હતી, ત્યારબાદ ઈડીએ મની લોન્ડરિંગના આરોપ હેઠળ કેસ નોંધ્યો. ઈડીના જણાવ્યા મુજબ શેલ કંપનીઓ અને ખોટા વ્યવહારો દ્વારા નાણાંની ગેરવહીવટ કરવામાં આવી હતી. અત્યાર સુધી કુલ ૨૨,૬૫૬ કરોડથી વધુની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. ૨૦૧૬માં સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાએ રોકાણકારોના હિતમાં સમિતિ રચી હતી, છતાં ગેરવહીવટ ચાલુ રહ્યો. પર્લ ગ્રુપના સ્થાપક નિર્મલ સિંહ ભાંગુને આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર માનવામાં આવે છે. તપાસ હજુ ચાલુ છે.

# કેન્દ્રીય મંત્રી જયંત ચૌધરીને જાનથી મારીનાખવાની ધમકી મળતા ચકચાર

નવી દિલ્હી, તા. ૨૦

કેન્દ્રીય મંત્રી જયંત ચૌધરીને અજાણ્યા નંબર પરથી જાનથી મારી નાખવાની ધમકી મળતાં સુરક્ષા એજન્સીઓ સતર્ક બની ગઈ છે. મળતી માહિતી મુજબ, ૧૮ માર્ચે સવારે અજાણ્યા નંબર પરથી ફોન કરી ધમકી આપવામાં આવી હતી. આ મામલે મંત્રીએ તાત્કાલિક પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર, ફોન કરનાર વ્યક્તિએ વોટ્સએપ દ્વારા સંદેશાઓ, લોકેશન અને વોઈસ મેસેજ મોકલી ધમકી આપી હતી, જેમાં હથિયારનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. વધુમાં, મંત્રીએ તેમના નિવાસસ્થાનની આસપાસ શંકાસ્પદ હલચલ અને જાસૂસી જેવી પ્રવૃત્તિ અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસે તપાસ શરૂ કરી છે અને પુરાવાઓના આધારે આરોપીની શોધખોળ તેજ કરવામાં આવી છે. સુરક્ષા વ્યવસ્થા પણ કડક બનાવવામાં આવી છે.

# બિહારમાં રાજકીય ગરમાવો, રામ નવમી પર ભાજપના પ્રથમ મુખ્યમંત્રી શપથ લે તેવી સંભાવના

નવી દિલ્હી, તા. ૨૦

બિહારની રાજનીતિમાં મહત્વપૂર્ણ ફેરફારોની સંભાવના વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ નવા મુખ્યમંત્રી માટે તૈયારી તેજ કરી છે. અહેવાલો મુજબ, ભાજપ હવે નીતિશ કુમારને વધુ સમય આપવાના મૂડમાં નથી અને રામ નવમી અથવા દશેરા આસપાસ પોતાના પ્રથમ મુખ્યમંત્રીને શપથ લેવડાવવાની



યોજના બનાવી રહી છે. સૂત્રો મુજબ, આ બાબતે આંતરિક ચર્ચાઓ ચાલી રહી છે અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની વ્યૂહરચના પણ મહત્વપૂર્ણ બની રહી છે. ભાજપના ઉચ્ચ સ્તરે આ મુદ્દે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ચર્ચા થઈ હોવાના સંકેતો છે. નીતિશ કુમાર દ્વારા રાજ્યસભા ઉમેદવારી અને 'સમૃદ્ધિ યાત્રા'ને કારણે રાજકીય અનિશ્ચિતતા વધી છે. બીજી તરફ, નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી સહિતના કેટલાક નેતાઓના નામ ચર્ચામાં છે. નવરાત્રિના પવિત્ર સમયગાળા દરમિયાન નવી સરકારના શપથગ્રહણની શક્યતા વ્યક્ત થઈ રહી છે. હાલ તમામ નિર્ણયોને લઈને અંતિમ સહમતિની પ્રક્રિયા ચાલુ છે.

# કેનેડિયન પોલીસે ભારત વિરૂધ્ધ આરોપોને નકારી કાઢ્યા, કોઈ પુરાવા નહીં : RCMP

નવી દિલ્હી, તા. ૨૦

કેનેડાની રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસે ભારત સાથે જોડાયેલા ગુનાઓ અંગે મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે હાલ સુધી કોઈપણ પ્રકારના પુરાવા મળ્યા નથી. RCMPના કમિશનર માઈક ડુહેમએ કહ્યું કે ઉપલબ્ધ માહિતી અને ચાલુ તપાસના આધારે કોઈ વિદેશી એજન્સી સાથે સીધી કડી



સ્થાપિત થઈ નથી. આ નિવેદન તે સમયે આવ્યું છે જ્યારે પૂર્વ કેનેડિયન વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ ૨૦૨૩માં શીખ નેતા હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની સંડોવણીનો આરોપ લગાવ્યો હતો, જેને ભારતે પાયાવિહોણો ગણાવ્યો હતો. ડુહેમે ઉમેર્યું કે કેટલાક કેસોમાં લોકોને ડરાવવા અને હેરાન કરવાની ઘટનાઓ નોંધાઈ છે, પરંતુ તે કોઈ ચોક્કસ દેશ સાથે જોડાય તેવા પુરાવા નથી. હાલના કેનેડિયન વડા પ્રધાન માર્ક કાર્નેએ ભારત સાથેના સંબંધોમાં સુધારો લાવવા પ્રયાસો પર ભાર મૂક્યો છે. બંને દેશો વચ્ચે રાજદ્વારી તણાવ યથાવત છે, છતાં સંબંધો સુધારવા માટે પ્રયાસો ચાલુ છે.

# સિક્કિમમાં બે ભૂકંપના આંચકાથી લોકોમાં ભય, કોઈ જાનહાની નહી

નવી દિલ્હી, તા. ૨૦

શુક્રવારે વહેલી સવારે ગંગટોકમાં સતત બે ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી મુજબ ભૂકંપની તીવ્રતા ૩.૬ અને ૨.૭ નોંધાઈ હતી. બંને આંચકા ઓછી ઊંડાઈએ આવ્યા હતા. સદભાગ્યે કોઈ જાનહાનિ કે સંપત્તિને નુકસાન થયું નથી.



હિમાલય વિસ્તાર ભૂકંપપ્રવણ હોવાથી આવા આંચકા આવતાં રહે છે, જેના કારણે લોકો સતર્ક રહેવાની જરૂર છે. હાલ સુધી કોઈ જાનહાનિ કે સંપત્તિના નુકસાનના અહેવાલ નથી.

# એનસીઈઆરટી પુસ્તક વિવાદ : કેન્દ્રે સુપ્રીમ કોર્ટને નિષ્ણાંત સમિતિની માહિતી આપી

નવી દિલ્હી, તા. ૨૦

એનસીઈઆરટી પાઠ્યપુસ્તક વિવાદ કેસમાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાને નિષ્ણાત સમિતિના સભ્યો વિશે વિગતવાર માહિતી સોંપી છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું કે સમિતિમાં કે.કે. વેણુગોપાલ, જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા અને જસ્ટિસ અનિરુદ્ધ બોઝ જેવા નિષ્ણાતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કોર્ટએ અગાઉ એનસીઈઆરટીના પ્રકરણના પુનર્લેખન મુદ્દે ચિંતા વ્યક્ત કરી હતી અને નિર્દેશ આપ્યો હતો કે નિષ્ણાતોની મંજૂરી વગર કોઈ સુધારેલ સામગ્રી પ્રકાશિત ન થાય. સાથે જ, અભ્યાસક્રમ તૈયાર કરવાની પ્રક્રિયામાં કેન્દ્ર અને એનસીઈઆરટીની ભૂમિકાને મર્યાદિત કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. આ કેસમાં હવે નિષ્ણાત સમિતિના અભિપ્રાય બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

# કાનપુરમાં નકલી ડિગ્રી કૌભાંડમાં ખુલાસો, ૩ યુનિવર્સિટીઓની ૨૮૭ ડિગ્રીઓ નકલી

કાનપુર, તા. ૨૦

ઉત્તર પ્રદેશના કાનપુરમાં નકલી ડિગ્રી અને માર્કશીટ રેકેટની તપાસમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમએ ફરી મોટો ખુલાસો કર્યો છે. તપાસ દરમિયાન ત્રણ અલગ-અલગ યુનિવર્સિટીઓની કુલ ૨૮૭ ડિગ્રીઓ અને માર્કશીટ નકલી હોવાનું બહાર આવ્યું છે, જેમાંથી ૨૮૪ એશિયન યુનિવર્સિટીની છે. એસઆઈટી મુજબ, આ ડિગ્રીઓનો કોઈ સત્તાવાર રેકોર્ડ ઉપલબ્ધ નથી અને યુનિવર્સિટીએ પણ તેને જારી ન કરી હોવાનું સ્પષ્ટ કર્યું છે.

ઉપરાંત સિક્કિમ અને અરુણાચલ પ્રદેશની યુનિવર્સિટીઓમાંથી પણ કેટલીક નકલી ડિગ્રીઓ મળી આવી છે. તપાસ દરમિયાન ૯૦૦થી વધુ નકલી દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હતા અને ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસ અનુસાર આ ગેંગ ૨૦૧૨થી સક્રિય રહી લાખો રૂપિયામાં નકલી ડિગ્રીઓ વેચતી હતી. હાલ અન્ય ફરાર આરોપીઓની શોધખોળ ચાલુ છે અને સમગ્ર નેટવર્કનો પર્દાફાશ કરવા કાર્યવાહી તેજ કરવામાં આવી છે.

# હોર્મુઝમાંથી જહાજો જવા દેવા બદલ ઈરાને કરોડો રૂપિયા વસુલ્યા હોવાનો દાવો

તહેરાન,તા.૨૦

મિડલ ઈસ્ટમાં સતત વધતા તણાવ વચ્ચે ઈરાન દ્વારા સમુદ્રી માર્ગો પર પોતાનું વર્ચસ્વ જમાવવાના પ્રયાસો તેજ થયા છે. તાજેતરમાં લૉયડ્સ લિસ્ટના એક ચોંકાવનારા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી સુરક્ષિત રીતે પસાર થવા દેવાના બદલામાં એક ખાનગી ઓઈલ ટેન્કર કંપની પાસેથી અંદાજે ૨૦ લાખ ડોલર એટલે કે ૧૮ કરોડ રૂપિયાની મોટી રકમ વસૂલી છે. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ દ્વારા તેના દરિયાઈ ક્ષેત્રમાં એક વિશિષ્ટ 'સુરક્ષિત માર્ગ' તૈયાર કરવામાં આવ્યો છે જેનો ઉપયોગ કરવા માટે જહાજોએ ટેક્સ ચૂકવવો



પડે છે અને ખાસ રજીસ્ટ્રેશન પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. આ ગંભીર પરિસ્થિતિમાં ભારત સહિત પાકિસ્તાન, ચીન અને મલેશિયા જેવા દેશો પોતાના જહાજોની સલામતી માટે ઈરાન સાથે સીધી મંત્રણા કરી રહ્યા છે. હાલમાં ભારતના ૨૨ જેટલા જહાજો હોર્મુઝની આસપાસના જોખમી વિસ્તારમાં અટવાયેલા છે જેને સુરક્ષિત બહાર કાઢવા માટે ભારત સરકાર સક્રિય છે. લૉયડ્સ લિસ્ટ ઈન્ટેલિજન્સના જણાવ્યા મુજબ ભારતનું એક ગેસ ટેન્કર પણ તપાસ માટે ઈરાની જળક્ષેત્રમાંથી પસાર થયું હતું. અત્યાર સુધીમાં કુલ ૯ જહાજોએ આ નવા કોરિડોરનો ઉપયોગ કર્યો હોવાનું મનાય છે પરંતુ આ પ્રકારની અનધિકૃત વસૂલાત આંતરરાષ્ટ્રીય સમુદ્રી નિયમો સામે મોટા સવાલો ઊભા કરે છે જે ભવિષ્યમાં વેપાર ખર્ચમાં વધારો કરી શકે છે.

# નેપાળ-ચીન સંબંધોમાં તણાવ : શી જિનપિંગનું પુસ્તક સળગાવવાના મુદ્દે વિવાદ થયો

કાઠમંડુ, તા. ૨૦

નેપાળ અને ચીન વચ્ચેના સંબંધોમાં તણાવ ઊભો થયો છે, જ્યારે શી જિનપિંગના પુસ્તક 'ધ ગવર્નન્સ ઓફ ચાઈના'ની નકલો સળગાવવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો. આ ઘટના મોરાંગ જિલ્લાના મનમોહન ટેકનિકલ કોલેજમાં બની હોવાનું સામે આવ્યું છે.

આ મુદ્દે ચીનનું દૂતાવાસએ નેપાળ સરકાર પાસે સખત



વિરોધ નોંધાવી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે. ઘટનાને ગંભીર ગણાવી બંને દેશોના સંબંધોને અસરકારક ગણાવવામાં આવી છે. નેપાળના વિદેશ મંત્રાલયએ ગૃહ મંત્રાલયને તપાસના આદેશ આપ્યા છે, જ્યારે પોલીસે તપાસ શરૂ કરી છે. કોલેજ વહીવટીતંત્રે આ ઘટનાને અકસ્માત ગણાવી ઈરાદાપૂર્વક ન હોવાનું જણાવ્યું છે. વિડિયો વાયરલ થયા બાદ રાજકીય દબાણ વધ્યું છે, જેનાથી નેપાળ-ચીન સંબંધોની નાજુકતા ફરી સામે આવી છે.

આ ઘટનાને નેપાળમાં વધતી જતી ચીન વિરોધી ભાવના અથવા પુસ્તકાલય વ્યવસ્થાપનની બેદરકારીના સંકેત તરીકે જોવામાં આવી રહી છે. ચીને આ વાતને ગંભીરતાથી લીધી છે.

# રાજ્યમાં ઈંધણના ભાવમાં રાતોરાત ઝીંકાયો વધારો : પ્રીમિયમ પેટ્રોલમાં રૂા. બે વધ્યા

**યુધ્ધની અસર હવે સ્થાનિક બજારમાં પણ દેખાવા લાગી**



અમદાવાદ,તા.૨૦

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના વધતા ભાવ અને મધ્ય-પૂર્વમાં સર્જાયેલી યુધ્ધ જેવી સ્થિતિની અસર હવે સ્થાનિક બજારમાં દેખાવા લાગી છે. દેશની અગ્રણી ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ પ્રીમિયમ પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર રૂ. ૨.૦૯ થી રૂ. ૨.૩૫ સુધીનો વધારો ઝીંક્યો છે. જોકે, રાહતની વાત એ છે કે સાદા પેટ્રોલ અને ડીઝલના ભાવમાં હાલ કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ભારતમાં બીપીસીએલ (BPCL) સ્પીડ, એચપીસીએલ (HPCL) પાવર અને આઈઓસીએલ (IOCL) ના એક્સપી-૯૫ (XP95) પેટ્રોલના ભાવમાં વધારો થયો છે. અમદાવાદમાં જે પ્રીમિયમ પેટ્રોલ અગાઉ રૂ. ૧૧૧.૬૮ માં મળતું હતું, તે હવે રૂ. ૧૧૩.૭૭ પ્રતિ લિટરના ભાવે મળશે. ગુજરાતના મુખ્ય શહેરોમાં ભાવ (સાદું પેટ્રોલ/ડીઝલ): અમદાવાદ ૯૪.૪૯ , ૯૦.૧૭ , સુરત ૯૪.૩૭, ૯૦.૦૬ , રાજકોટ - ૯૪.૨૭, ૮૯.૯૬ ,ગાંધીનગર -૯૪.૭૦ , ૯૦.૩૮, ભાવનગર- ૯૬.૧૦ , ૯૧.૭૮ થયો છે.

## ગીર-ગઢડા પંથકમાં વીજળી પડતા ત્રણ મહિલા ઘાયલ, પશુનું મોત



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના,તા.૨૦

રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી વચ્ચે આજે બપોરે ઉના-ગીરગઢડા પંથકમાં વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ગીરગઢડા પંથકમાં અંદાજે ૨.૭૫ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આ કુદરતી આફત દરમિયાન વેળાકોટ ગામના જોરૂભાઈ મોરાશિયાની વાડીમાં કામ કરતી જલ્પાબેન ખાડિયા, કાડવીબેન મોરાશિયા અને જીગ્નાબેન પરમાર નામની ત્રણ મહિલાઓ પર વીજળી પડતા તેઓ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. આ ઈજાગ્રસ્ત મહિલાઓને તાત્કાલિક સારવાર માટે ગીરગઢડા હોસ્પિટલ ખસેડવામાં આવી છે. આ ઉપરાંત સનવાવ ગામમાં ખેતરમાં બાંધેલી એક ભેંસ પર વીજળી પડતા તેનું કરુણ મોત નીપજ્યું હતું, જેના કારણે ખેડૂત પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

## સુરતમાં લિવ-ઈનમાં રહેતી માતાએ ૨ વર્ષની બાળકીની નિર્મમ હત્યા કરી



મૃતક બાળકી

આરોપી માતા

સુરત,તા. ૨૦

સુરતના વરાછા વિસ્તારમાં એક કાળજું કંપાવનારી ઘટના સામે આવી છે, જેમાં સગી જનેતા જ જલ્લાદ બની છે. વરાછાની વર્ષા સોસાયટીમાં મિત્ર સાથે લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી લફીબેન સોલંકી નામની મહિલાએ પોતાની બે વર્ષની માસૂમ દીકરી યશ્વીતાની ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખી છે.

બાળકી તોફાન કરતી હોવાથી ઉશ્કેરાયેલી માતાએ તેને સાવરણી અને વેલણ વડે બેરહેમ માર માર્યો હતો. આ હુમલામાં બાળકીને માથામાં ગંભીર ઈજા થતા બ્રેઈન હેમરેજને કારણે તેનું મોત નીપજ્યું હતું. હોસ્પિટલના પીએમ રિપોર્ટમાં આ ખુલાસો થતા વરાછા પોલીસે હત્યારી માતાની ધરપકડ કરી છે. માની મમતાને લાંછન લગાડતી આ ઘટનાથી સમગ્ર સુરતમાં અરેરાટી ફેલાઈ ગઈ છે.





